NA
3161

NATIONAL ARCHIVES LIBRARY
GOVERNMENT OF INDIA
NEW DELHI.

Call No. _____

Accession No. 3161

GIPNLK—7/DAND—5-9-60—15,000

19P

R.J.6494/12
7213
No 17
નવી આવૃત્તિ. પુ. ૧
સ્વદેશી કાગળ
II
Patriotic Songs of Gujarat.

સ્વદેશ કીર્તન.

Swadesh Keertan II

Lib 852 P3 76
Swadesh Keertan

પ્રકાશક
સસ્તુ સાહિત્ય પ્રચારક મંડલ.
અમદાવાદ.

Sastu Sahitya Pracharak Mandal
Ahmedabad.
પહેલી.
મત અઠયો આનો.

સર્વ હક્ક સ્વાધીન.

NATIONAL ARCHIVES LIBRARY
No 316
Dt 1-4-72
GOVT. OF INDIA

સર્વત્ર પ્રિય થઇ પડેલ વૈદક માસિક

વૈદ્યકલ્પતરૂ.

દરેક કુટુમ્બમાં વાંચી અભ્યાસ કરવા લાયક

દેશી તેમજ અંગ્રેજી વૈદ્ય વિધાના આધારથી લખાતા

આરોગ્ય અને વૈદ્યક જ્ઞાનના ઉપયોગી લેખો, શોધો અને
અનુભવોનો સંગ્રહ,

જાનેવારી ૧૯૭૮ થી આ માસિકનું ૨૩ મું વર્ષ શરૂ થયું છે

દર વર્ષ એક કીમતી પુસ્તકની ભેટ.

ક્રાઉન રોયલ ૪ ફરમા—ચિત્રો સાથે—લવાજમ રૂ ૧-૮-૦

અગાઉથીજ.

ખાત્રી કરો; નમુનાનો અંક મફત મળશે.

વૈદ્ય જટાશંકર લાલાધર ત્રિવેદી.

ઠેકાણું.—રિચિરોડ અમદાવાદ.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

The Imperial Printing Press - Ahmedabad

No 192 A

પ્રસ્તાવના.



"દેશભક્તિ" નાં કાવ્યો સંગ્રહ કરવાનું મુળ માન રા. હીમતલાલ ગણેશજી અંજારીઆને, અને તે પ્રસિદ્ધ કરવાનું "ગુજરાત સાહિત્ય સભા" ને છે. છતાં આ પુસ્તક આ રીતે બ્હાર પાડવાની ખાસ જરૂર જણાવવાથી તેમ કરવું પડયું છે. દેશમાં ફેલાયેલી નવી જાગૃતિની અસર આપણા ગુજરાતમાં પ્રસરે ને સ્વદેશાભિમાનની લાગણી ગુર્જર પ્રજામાં ઉત્પન્ન થાય તે ખાતર આવાં ગીતો દેશબાળકોમાં લોકપ્રિય કરવાની ઘણીજ જરૂર માલુમ પડવાથી આ "સ્વદેશ કીર્તન" યોજાયું છે. અત્યારસુધીમાં "દેશભક્તિ"નાં કાવ્યોની ૫૦૦ નકલો તથા આ પેહેલાં "સ્વદેશ કીર્તન"ની અમારી તરફથી બ્હાર પાડવામાં આવેલી બે જાતની પ્રતોની થઇને ૨૦૦૦ નકલો બ્હાર પડી ગઈ છે. આ ઉપરથી આશા રહે છે કે આ દેશગીતો કદી નહીં ધારી શકાય એવો હોળો ફેલાવો પામવા સર્જાયેલા છે. અસ્તુ.

આ ગીતોની ચુંટણી, જાણીતા સાક્ષર અને ગુર્જરગીરાના વિવેચક તરીકે પ્રખ્યાત થએલા, "કવિતા અને સાહિત્ય"ના કર્તા તથા "ગુજરાત સાહિત્ય સભા"ના પ્રમુખ રા. રમણભાઇ નીલકંઠ બી. એ., એલ. એલ. બી. ની

સલાહ અને સૂચના પ્રમાણે કરવામાં આવી છે. અનેક વ્યવસાયો છતાં એઓ સાહેબે આ કાર્યમાં જે શ્રમ લીધો છે તેને માટે એમનો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.

અમદાવાદ,
તા. ૧૬-૧૦-૦૬.

સસ્તુ સાહિત્ય પ્રચારક મંડળ.
બંગભંગનો દિવસ.
અમદાવાદ.

બીજી આવૃત્તિ.

માત્ર ૧ વર્ષના ટુંક સમયમાં બીજી આવૃત્તિ છપાવવાનો શુભ પ્રસંગ પ્રાપ્ત થયો છે તે દર્શાવી આપે છે કે "બહોળો ફેલાવો પામવા સર્જાયેલાં આ સ્વદેશ ગીતો" દૂર દૂર પ્રસરે છે. નવજીવન પામતા સમગ્ર દેશને યોગ્ય સ્વદેશાભિમાન તથા કર્ત્તવ્ય ભાવના આપણા ગુર્જર ભાઈઓમાં જાગૃત કરવા આ પુસ્તક મદદ રૂપ થાવ એવી નમ્ર પ્રાર્થના સાથે આ આવૃત્તિ બહાર પાડવામાં આવે છે. પુસ્તકના કદમાં બેવડો વધારો થયા છતાં કિમ્મત વધારવી યોગ્ય ગણી નથી. આ આવૃત્તિનો કાવ્યસંગ્રહ કરવામાં તથા સામાન્ય સુધારા વધારામાં રા. રા. બીન્દુભાઈ જસવંતરાય તથા રા. રા. ભોગીન્દ્રરાવ રતનલાલ દીવેટીઆ બી. એ.એ જે ભાવથી મદદ આપી છે તેને માટે એ બન્ને વિદ્વાન્ ભાઇઓનો જેટલો ઉપકાર માનીએ એટલો ઓછો છે.

અમદાવાદ,
૮ ડીસેમ્બર ૧૯૦૭

સસ્તુ સાહિત્ય પ્રચારક મંડળ.
અમદાવાદ.

સ્વદેશ ધર્મ.

૧. મારી ભારતભૂમિ–એક અને અભેદ્ય–એમાં મને શ્રદ્ધા છે.

૨. મારી ભારતભૂમિ–અનેક કોટી સંતાનોની પ્રિય માતા–એમાં મને શ્રદ્ધા છે.

૩. મારી ભારતભૂમિ–એના દિવ્ય ઉપદેશમાં મને શ્રદ્ધા છે.

૪. મારી ભારતભૂમિની કૂખે જન્મેલા સંતો અને એના ઉછેરના વીરો–તેઓમાં મને શ્રદ્ધા છે.

૫. મારી ભારતભૂમિ–પૃથ્વીના ઉચ્ચમાં ઉચ્ચ અને પવિત્રમાં પવિત્ર ગિરિવરોથી રક્ષિત મારી અજય્ય ભૂમિ–એમાં મને શ્રદ્ધા છે.

૬. મારી ભારતમાતા જે સાગરના ઉછરંગમાં વીંટાઇ રહેલી છે તેની બલપ્રદ શક્તિમાં મને શ્રદ્ધા છે.

૭. મારી ભારતભૂમિ સૌન્દર્યની મૂર્તિ–સૃષ્ટિદેવીની પોતાની પુષ્પો અને સરિતાથી ભરેલી વાડી–એમાં મને શ્રદ્ધા છે.

૮. એ ભૂમિનો પ્રત્યેક કણ પવિત્ર છે એમ મને શ્રદ્ધા છે.

૯. મારી ભારતભૂમિના પ્રાચીન તનુજોમાં મને શ્રદ્ધા છે, જેઓની શ્મશાનભસ્મ પંચમહાભૂતમાં ભળી જઇને મારા અન્ન અને રુધિરરૂપે બની છે.

૧૦. એ પૂર્વજોના પિંડનો આ મારો પંચમહાભૂતપિંડ બનેલો છે; તેઓના અસ્થિનું મારૂં આસ્થ બનેલું છે, તેઓના માંસનું મારૂં માંસ બનેલું છે.

૧૧. સર્વ કાળના અને સર્વ જાતિના ભારતવાસીઓ હમેશ

માટે પરસ્પર જોડાએલા છે. એમ મારી શ્રદ્ધા છે.

૧૨. ભારતભૂમિ ઉપર વસતા સર્વ જનો, તેઓ ગમે તે વર્ણ કે ધર્મના હો. તથાપિ તેઓ સર્વ ભાઇઓ છે એમ મને શ્રદ્ધા છે.

૧૩. દુનીઆદારીના સગપણ કરતાં પણ વધારે વહાલું એવું જે મારૂં દિવ્ય જીવન્ત ભારતપ્રજાત્વનું સગપણ તેમાં મને શ્રદ્ધા છે.

૧૪. મારી ભારતભૂમિના સુવર્ણમય ભૂતકાળમાં અને તેજોમય ભવિષ્યમાં મને શ્રદ્ધા છે.

૧૫. ભારતભૂમિની પુરૂષતાના ધર્મ, વીર્ય અને સ્વદેશાભિમાનમાં મને શ્રદ્ધા છે.

૧૬. ભારતભૂમિના સ્ત્રીજનની સુકુમારતા, પવિત્રતા અને નિરહંતામાં મને શ્રદ્ધા છે.

૧૭. ભારતભૂમિ માટે દરેક ભારતવાસીએ જીવવું અને મરવું એમાં મને શ્રદ્ધા છે.

૧૮. આપણે એક જ ભૂમિના છીએ, આપણે એક જ પ્રજા છીએ, આપણી ભાવના પણ એક જ છે અને આપણે એક જ કાર્ય પરાયણ છીએ એમ હું માનું છું.

૧૯. મારા સ્વદેશજનની સેવા તે મારા જીવનનો પ્રાણ છે, તથા એ જ મારા જીવનનું આદિ તથા અંત છે.

૨૦. આમાં મારી ભારત માતાની આશીષ હો ! વન્દે માતરમ.

પ્રકાશક કૃપાશંકર જવેહરલાલ પંડિત,

સ્વદેશ કીર્તન.

૧. જય જય ગરવી ગુજરાત.

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત,
દીપે અરૂણું પરભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી,
પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણુવ ભંણુવ નિજ સંતતિ સહુને
પ્રેમ ભક્તિની રીત—

ઉંચી તુજ સુંદર જાત,
જય જય ગરવી ગુજરાત.
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણુને,
રત્નાગર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો,
દે આશિષ જયકાર—

સંપે સોયે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત.
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જયસિંગ,
તે રંગથકી પણ અધિક સરસ રંગ,
થશે સત્વરે ભાત,
શુભ શકુન દીસે મધ્યાન્હ શોભશે,
વીતી ગઇ છે રાત,
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત.

સ્વ. કવિ નર્મદાશંકર

---

૨. ગુણવંતી ગુજરાત.

(ઝહાડ-ગરબી.)

ગુણવંતી ગુજરાત, અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે ભાત ! અમારી ગુણવંતી ગુજરાત !—(ધ્રુવ.)
મોંઘેરા તુજ મણિમંડપમાં આ ઝૂકી રહ્યાં અમ શીષઃ
ભાત મીઠી ! તુજ ચરણ પડીને માગિયે શુભ આશિષ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૧

મીઠી મનોહર વાડી આ તહારી નંદનવન શી અમોલઃ
રસપુષ્પડાં વીણતાં વીણતાં ત્યાં કારયે નિત્ય કલોલ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૨

સંત મહંત અનંત વીરોની ઝહાલી અમારી માત !
જય જય કરવા તહારી જગતમાં અર્પણ કરિયે જાત !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૩

ઉંડા અઘોર અરણ્ય વિશે કે સુંદર ઉપવન માંય !
દેશ પ્રદેશ અહોનિશ અંતર એક જ તહારી છાંય !—
અમારી ગુણવંતી ગુજરાત! ૪

સરસરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપૂરઃ
પુણ્ય ભૂમિ ફળ ફૂલ ઝૂમી, માત! રમે અમ ઉરા—
અમારી ગુણવંતી ગુજરાત ! ૫

હિન્દુ, મુસલમિન, પારસી સર્વે, માત! અમે તુજ બાળ :
અંગ ઉમંગ ભરી નવરંગે કરિયે સેવા સહુ કાળ !—
અમારી ગુણવંતી ગુજરાત ! ૬

ઉર પ્રભાત સમાં અજવાળી, ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો કરિયે જયજયકાર !—
અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત ! ૭

અરદેશર ફરામજી ખબરદાર.

મ્હારી ગરવી ઓ ગુજરાત.

(રાગ મ્હાડ.)

મ્હારી ગરવી ઓ ગુજરાતરે,
શોભે રૂડેરી રસાળ
રમ્ય લીલાં તરૂકેરી ભૂમી હે
મધુરી ચારૂ વિશાળ,
જનુનિ ! ક્રોડે લાડ કરીને
ઉછરે તું કવિ-બાળ
મ્હારી ગરવી ઓ ગુજરાત.

નદી તળાવોથી પૂર્ણ ભૂમી રે
દીનની ક્ષેતી સંભાળ,
વ્હાલી મ્હારી તું પિતૃ ભૂમિ હે
સુખ દેતી સહુ કાળ,
મ્હારી ગરવી ઓ ગુજરાત.
વત્સલભાવે ગુંથાયાં પ્રેમે,
હું, તું, ભૂમી રસાળ !
તે દૃઢ બંધ નહિ છોડી શકે રે
મનુજનો હસ્ત ક્રો કાળ,
મ્હારી ગરવી ઓ ગુજરાત.

સત્યેન્દ્રરાવ ભીમરાવ.

ગુર્જરી ભૂમી.

અવલોકો વિદેશી લોકો,
રોકો દૃષ્ટિ આ વરષામાં,
ના ભાળો ના ભાળો,
ચાતુર ! ચાતક તરષામાં.
નવયૌવન કો નારી
રહી લીલી સાડી ધારી,
ભાત ઈંદ્રગેપ શું પાડી
અષ્ટાદશ વનસ્પતિની વાડી;
વિયત રંગ વિહંગમ અનંત વહંત— અવલોકો.

અસુધર પશુ મદ માતાં
રાતાં તાતાં આ વરષામાં;
પતિ પત્ની સંયોગી નવરોગી
ગ્રે' શુચિ સુખ પરશામાં
ભૂધરને ધાન્ય જઇએ વારી
શું પરવે માન્યની બલિહારી.
આનંદ નવિન નો'ય
અધિક ગુર્જરી ભૂમિ હોય,
વાશકે રંગ ભૂમિ
ઝૂમી ઝૂમી આ—અવલોકો,

સ્વ. કવિ પ્રેમાનંદ.

૫ કેાની કેાની છે ગુજરાત.

કેાની કેાની છે ગુજરાત ?
પૂર્વજ જેના જે વળી આજે
જન્મથકી ગુજરાતી વદ્યા,
કેાઇ રીતની તેાપણ ને વળી
આર્ય ધર્મને રાખી રહ્યા.

તેની તેની છે ગુજરાત—
પછી હેાય ગમે તે જાત—
તેની તેની છે ગુજરાત.

વળી પરદેશી બીજા જેને
ભૂમીયે પાળી મેાટા કર્યા
પરધર્મી પણ હિત ઇચ્છનારા
માતતણું, તે ભાઇ ઠર્યા

તેની તેની છે ગુજરાત—
પછી હેાય ગમે તે જાત—
તેની તેની છે ગુજરાત,

નર્મદ કે' ગુજરાતી ભાઇયેા
માતને અર્થે સંપ ધરે,
ખંતે બંધન તેાડી રણે સહુ
ઝુમી જયસુખ જમે ભરે,

પ્રેમ શૌર્યને કરી પ્રખ્યાત,
તે તે સહુની છે ગુજરાત—
તે તે સહુની છે ગુજરાત.

સ્વ. કવિ નર્મદાશંકર.

---

૬ લાવણ્યમયી.

રાગ કલ્યાણ.

અરુણ તરુણ આ ઉદય થયો સહુ જાગો સૂતા લોક,
આળસ તજિ શુભ સુવ્રત વસ્ત્ર સજિ હરખે મુકવો શોક,
સૂર્ય ઉદય આભાસે.
વિભુ વર્ણન ઉપકાર સ્મરણ કરિ નમન નમન દિનરાત,
જન સુખકારક ભવ ઉદ્ધારક ઉદય ઉદય વિખ્યાત,
કાર્ય સફળ શુભ કરતો.
સદ્‌ગુણધારણ સત્કૃતિકારણ નિર્મલ હૃદય વર્ણાય,
ધીરજ દૃઢ પણ સત્ય વિવેકે સંપ સજ્જેથી થાય,
મહદ્ યશનાં મહા કર્મો.
જગદ્ વ્યાપ્ત સંતત સ્થિતિમાં પરિપૂર્ણ પ્રેમ સાક્ષાત,
દયા ગુણે ભરપૂર ભરી તું ધર ગરવી ગુજરાત,
વસન ઉપવન મન હરતાં.

× × × ×

ધર્મ વધારો શુભ ગુણ ધારો તારો દિન અતિરંક
સદાચરણ પ્રતિ પાલન સમયે નિશ્ચય થવું નિઃશંક,
એજ વચન ગુરૂ ઉચ્ચરે.

નામ સમાન મહાન કરી બહુ હામ ધરી ધરિ કામ,
ઉજ્જવલયશ પૂર્વનો અધિક કરિ ધુવો દુરિતસહુ શ્યામ,
અધમ મતિ તજિ ધર મૂળથી.

પાપ થયે ક્ષય સત્યવિષે જંય દયાસુકૃત કહેવાય,
સમવૃત્તિ પરમાર્થે ન્યાયએ, એજ ધરમ શ્રુતિ ગાય,
કર્મ બીજાં સહુ ખોટાં.
આ અવસર આકાશ સ્વચ્છ સંપૂર્ણ સ્વભાવે શાન્ત,
મધુરવાયુ નદિયો નિર્મલ વન મોહનકામ વસંત.
નિરાશા નિંદ્ય નકામી.

ઉઠો ઉઠો અજ્ઞાત નિવારણ શૌર્ય બળે ભડવીર,
ભયકરિ દૂર જ ધૈર્ય ધરો તો તેથી થવું તરિતીર,
સુધીર સુલક્ષણ નરનું.

હુન્યું હુન્યું જન આવિ ઉગારો ધર્મ વિશે કશિ ઢીલ,
વિદ્યા સંપત વીર્ય વધારી ખુરૂપ સ્ત્રીઓનાં શીલ,
એ નાગરની વિભૂતિ.

એકલપેટો સ્વાર્થ તજી તજિ ઇર્ષ્યાને અભિમાન,
એક દિલે હુંગામ કરી ફરિ લુંટો લુંટાતું માન,
માન સમાન ન કાંઇ.

ઉદ્યમ વાડી લહિ નરનારી કૂહાડી દુર્મતિશૂલ,
પરમ કૃપા છાયે મળી રમતે રહો સુગુણનાં ફૂલ,
સુવાસિતદેહ વિદેશે—

સ્વર્ગસ્થ ભીમરાવ લોળાનાથ.

૭ આપણે ગુજરાતી.

ઉઠો રે ગુજરાતપુત્ર સજો જુદ્ધ કાજે,
પૂર્વ રંગ પેખવાને રણ ધૂમો સમાજે;
દેશ કરો રણક્ષેત્ર દિઅને વેપાર ખંહાળો,
પ્રીતિ રંગ માણવાને રણે શૌર્ય તોળો.
સીદ્ધરાજ ભીમભોળો એનું જાણી ઝુમો,
દુઃખ થકી મુકત થવા નથી ઉપાય દૂજો.
હાંહાં રૂડાં રણ શૌર્ય દાખીશું,
હાં હાં ભુંડા શત્રુ આંટી નાખીશું;
જય જય થતાં લગી જરી ન ઝંપીશું,
કનક કુટુંબ પ્રાણ સંઘુ અર્પીશું—
આપણે ગુજરાતી. આપણે ગુજરાતી,
આપણે ગુજરાતી.

ઉતરી રણે ને રકત પુત્રતણું આપે,
હારી જતી કોઇ રીતે નામ ઉંચું થાપે;
કાં ન શત્રુ કલાડવાને જુદ્ધચે ઝંપલાવો,
નર્મદ છે હોંસ ભર્યો રણનો લહાવો.
હાં હાં રૂડાં રણ શૌર્ય દાખીશું,
હાં હાં ભુંડા શત્રુ આંટી નાંખીશું;
કનક કુટુંબ પ્રાણ સંઘુ અર્પીશું--
આપણે ગુજરાતી, આપણે ગુજરાતી—
આપણે ગુજરાતી.

સ્વ. કવિ નર્મદાશંકર.

૮ નમું માતૃભૂમિ ગુજરાત !

પદ્ય.

નમું માતૃભૂતિ ગુજરાત રે !
મારી માનવતી એ માત !
" જય ! જય ! ગરવી ગુજરાત !"
નમું માતૃભૂમિ ગુજરાત ! ટેક.

મનહર તરુવરધારી ભૂમિ તું !
પાવન ક્ષેત્ર તું આર્યભૂમિનું !
રસ કસમયતાથી બહુ વખણા તું
કાંચનભૂમિ સાક્ષાત રે—
નમું માતૃભૂમિ ગુજરાત ! ૧

સરવર સાગર પૂર્ણ સરિતા
પિતૃભૂમિ મુજ તુંજ જનેતા !
વત્સલ ભાવ તું રાખજે માતા !
કરજે બહુ વિધ લાડ રે !
નમું માતૃભૂમિ ગુજરાત !

અનેક થયા તુજ પુત્ર કદાપિ—
કોઇએ તને પર સ્વાધીન સોંપી
શ્રાપ ન આપ્યો તેં ય તથાપિ,
ધન્ય ! વત્સલ ભાવ એ માત રે !
નમું માતૃભૂમિ ગુજરાત ! ૨

મોટા મોટા માહ્યપતિ મકલાયા,
તું પર સુંદર મંદિર સ્થાપ્યાં;
યશદુંદુભિ બહુ વગડાવ્યાં,
પણ હાલ ન નામ નિશાન રે.
નમું માતૃભૂમિ ગુજરાત ! ૪

તું પર ચાલી ગયા **વનરાજ,**
તું પર ઝુલાવી ગયા **સિદ્ધરાજ;**
માધવ, કર્ણ સમા નર ઝાઝા,
તોય દેવિ તું કેવી કૃપાળ રે !
નમું માતૃભૂમિ ગુજરાત ! ૫

રંક અને વળી રાય સહજ પણ
તેં ઉપજાવ્યાં રત્ન વિલક્ષણ;
ક્રોડે ઉછેર્યા કવિ કુલ ભૂષણ,
ભક્ત—કવિની તું ખાણ રે !
નમું માતૃભૂમિ ગુજરાત ! ૬

પ્રીતમ પ્રેમ, અખા ઉપજાવ્યા,
સામળ, ધીરા, દયા પ્રકટાવ્યા,
નર્મદ, નવલ દલપત્ત રમાડ્યા,
શું લેખિની લખશે વખાણ રે !
નમું માતૃભૂમિ ગુજરાત ! ૭

ધન્ય ! મને બહુ ધન્ય હું માનું
ધુંજ સમી ભાવડીથી અતિ રાચ્યુ !

તારી કૃપા બહુ પ્રેમથી યાચું,
તને શતધા પ્રેમે પ્રણામ રે !
નમું માતૃભૂમિ ગુજરાત ! ૮
" જય ! જય ! ગરવી ગુજરાત રે ! !
જ. દા. ત્રિપાઠી.

---

૬ ગુજરાતનું ભાવી ગૌરવ.

(શેાળાવૃત્ત.)

સુણ, ગરવી ગુજરાત, વાત કંઈ કહું હું કાનમાં;
સમજુ છે તું સુજ્ઞત સમજશે સહજ સાનમાં
વસ્તી વસુ સુખ તને, વળી વેપાર વણજનું;
જ્ઞાન ધર્મે પણ સુખી, દુઃખ નહિ અધિક કરજનું.
નથી તેમ તું રહિત અન્ય મોટા સદ્‌ગુણથી—
ત્રયો નામના હજી, વહિલ આર્યોના પુણ્યથી.
પણ કયાં બુદ્ધિ વિશાળ, કવિ—ઋષિ વીર ગયા કયાં ?
રણ ગજવે, રંગભૂમિ—સર્વ એ સ્થિર થયા કયાં ?
પાડી દેહ પવિત્ર, ગયા કયાં રક્ષક એવા ?
કયાં તે સ્વદેશ દાઝ ? પ્રજા રાજાની સેવા ?
મહત પુત્ર કયાં ગયા, માત, તુજ ઊંચા કુળના ?—
છેાને નિકળ્યા બીજા ઘણાયે ઓછા મુલના.
કયાં પ્રાચીન ચાતુર્ય ? અસલતા કયાં રે તારી ?—

નૈાતમ નારની નાર, જાણ્યું શું વંશ વધ્યારી ?
પુત્ર જણ્યા બહુ પેર, જણ્યા પણ ભેાગવિયા નહિ;
સુખ સ્વપ્ને દીઠેલ, જાગિ તેં ભેાગવિયા નહિ.

છયાસિ લાખ નિજ પ્રજા, છતાં વંઝા રંડાણી—
આર્યપુત્રિ અનુપમા, હિંદ સુંદરિ હિંદવાણી.
બેઠિ પનેાતી, હાય ! દુર્દશા આખે દેશે;
જ્યાં જેઉં ત્યાં સ્વાર્થ, ભટકતેા ભિન્ન ભિન્ન વેશે.

ન મળે શૌર્ય ઉમંગ, આર્ય અભિમાન કશું રે,
દશદાઝ વણ પડી, પરાધિન પ્રજા પશુ રે,
ત્રણ સૈકા વહિ ગયા, વશ પડી રહી બીજાને;
જતા આવતા સર્વ યવનની આણ તું માને.

હાય ! કેમ જીવાય, પરાધિન એ સ્થિતિમાં ?
છુટી પડે અવતાર, ગુલામી દેખીતીમાં.
માડી ! ઉઠ, કર જોડ, ક્ષમા માગી લે વહાલી;
કર્તવ્યે પડ બ્હાર, હિંદમાં સહુથી પ્હેલી.

રજપુત વીર જગાડ, રાજ્યકર્તા કર સાચા;
બ્રહ્મચાળ વિદ્વાન, જ્ઞાન જિજ્ઞાસુ જાચા.
દેશ દેશ વગડાવ, શંખ તુજ સ્વાધિનતાનેા;
બધે ઐકયતા ભજવ, પરાજય કરિ ભિનતાનેા.

પિટવ દાંડિ પરમાર્થ સ્વાર્થ સંહારી મડી;
સુધરે પુત્ર પરિવાર, પરસ્પર પ્રીતે ધાડી.
ઉતરે પનેાતી હવાં; વખત આવે છે સારા;

તત્પર થા, ગુજરાત, હક્ક ભોગવવા તારા.
ગઇ ગુજરી જા ભુંસી, શોક તેના શા કરવા ?
મરતાં ગઇ તું બચી, વળી કાં સૂએ મરવા ?
તજ મિથ્યા કલ્પાંત, હામ હૈડે ધર, માતા;
કર સંજિવન નિજ તન, શિરઉપર છે સુખદાતા,
પૂર્વ જન્મનાં પાપ, નર્મદા જળ શુદ્ધ કરશે;
નવીન જન્મ શૂરવીર થકી એ ખોળો ભરશે
હું કયાં જોવા રહુ, નવીન એ જન્મજ તારો ?
માતા દુખ મુઝવણે ગાળિ નાખ્યો જન્મારો.
હશે ન મુજ મન દુઃખ વિશેષે એહ વિષેનું;
અર્પિ દઉં સો જન્મ, એવડું, મા, તુજ લહેણું.
સો આપું લખ એક સહસ્ત્ર આપું એકે:
ગુર્જર દેશ ફરી જોઉં, દીપતો સત્ય વિવેકે.
પણ તે દિન હજી દૂર, નથી મારા વારામાં—
મોડે વહેલે, ભલે, જોગ પડતાં સારમાં.
નમન હાલ, ગુજરાત, માત ! આ સલામ છેલ્લી;
સફળ થજો આશીશ, ભક્ત પુત્રે આપેલી.

મલબારી

૧૦ જય ભરત-ભૂમિ અમમાત.

જય ભરત ભૂમિ અમ માત !
તુજ સંતતિ હો અભિજાત !
રંક અને હતભાગી અમમાં
જગાવ બાળક-ધર્મ,
શુદ્ધ માર્ગ બતલાવી સાચા
શિખાડ સહુ શુભ કર્મ;
રહે જાતી દેશની શર્મ;
ટળે ઉપનામ અમારાં નર્મ.
પરાક્રમી પૂર્વજનાં ઉચ્ચાં
નસ નસ લોહી ઉછળાવ;
ઐક્ય પ્રસારી શૌર્ય વધારી,
અપાવ સાચા લ્હાવ;
હો સુંદર શૂરવીર બાળ,
દુર્ગતી રાક્ષસીકેરા કાળ.
શૌર્ય ધૈર્યના પાઠ ભણાવી,
ઉમદા પરમરસાળ;
સજ્જ કરીને સમસ્ત સંતતિ,
કર સિંહ સમ વિકરાળ;
માત ! હણી કાયરતા કુસંપ
દેશ દાઝમાં બલે ખુવે સૌ જંપ !
નમ્ર એ વિનતિ અમ તુજ પાસ.

૧૧ વન્દના.

ખમાચ ત્રિકાલમાં ગાઇ શકાશે.

નમન ભારતી ભક્ત રાજ
ભરતભૂમિ તૂને આજ
સુભગ શૂર સુનુથી સાજ
વીર પુત્ર પ્રસવિનિ !

સાધુ સુત ના તપપ્રતાપ
અમર નામ સંતત થાપ
શત સન્તાન અશ્રુ કાપ
ગૌરવ મણિમાલિનિ !

યુગ યુગાન્ધકાર અન્ત
તરલ તેજ પટ લસન્ત
વિભુ વિલાસવાસ વસન્ત
યશ કિરીટ ધારિણિ !

આશ પ્રદીપ પ્રફુલ્લ ઉંર
તરણી તરત કાલ પૂર
ગ્રહત નવલ જીવન નૂર
હૃદયાનન્દ કારિણિ !

વિરલ વિદ્યા નવલ રિદ્ધિ

અનુકરણ ન વિધિ ની વૃત્તિ ?!
સહુ દિશ થશે સુખની સિદ્ધિ
સુવ્યહ શારદ સંગિનિ !
ખર્પર કર નર સમસ્ત
વિમાન વસ્ત્રણ કરશું નષ્ટ
વિજન વહશે વિરહ કષ્ટ
જનની ! શૌર્ય વીર્ય શાલિનિ

અભિનવ.

---

૧૨ માજીનું સ્તોત્ર.

સ્વગંગા સેંથો મા હ્હારો,
માનસસર શિરમણિ રૂપાળો,
ભાલેંત્રિવલિ વિમલ હિમ-હારો,
જય જય મા મ્હારી ! ૧.

ગુજે જાહ્નવી સિંધૂ કાને,
રેવા મહાનદી કટિસ્થાને,
કાવેરી તોડા ઠેકાણે,
જય જય મા મ્હારી ! ૨.

રામેશ્વર એડીએ ચળકે,
પુરી, દ્વારિકા, કાશી ઝળકે,

આ ત્હારી વાળીની ઠળકે,
જય જય આ મ્હારી ! ૩.
સમશૂલ પંજાબ એક કર,
પરશૂ અરવલ્લી બીજે કર,
તેગ લટકતી સહ્યાદ્રિ કટિ પર,
જય જય આ મ્હારી ! ૪.
રામ સૌમ્ય તુજ દૃગપલકારો,
યુદ્ધ ઉધિઉરનો ધબકારો,
ગુરુ ગોવિંદ પ્રકોપપુંફાડો,
જય જય આ મ્હારી ! ૫.
ભક્તિગાનધુનિ આને વ્હાલી,
એ સ્વરબ્રહ્મ વિષે લે તાળી
અગણિત આની સંતપ્રણાળી,
જય જય આ મ્હારી ! ૬.
દિવ્યચક્ષુ જ્યારે આ ખોલે
જ્ઞાનસમાધિપ્રકાશ જ ઢોળે,
વ્યાસ, પતંજલિ, શંકર બોલે,
જય જય આ મ્હારી ! ૭.
શું શું આ તુજ સ્તવું વખાણી !
યુગ યુગ રાજરતનની ખાણી,
—અશોક, અકબર, વિજયારાણી !
જય જય આ મ્હારી ! ૮.

બળવંતરાય ક. ઠાકોર.

૧૩ શું તેજ ભરત ભૂમિ. આ એ ?

" શું તેજ ભરત ભૂમિ આ એ, (૨)
બ્રહ્મરસે ભીના ઋષિવરની તે બ્રહ્મવેદી તે આ એ !
શું તેજ ભરત ભૂમિ આ એ ? "
હા તેજ આર્યભૂમિ આ એ, } (૨)
તે બ્રહ્મવેદી તે આ એ;

વસિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, વામદેવ વળી ભરદ્વાજ
શુદ્ધ સનાતન બ્રહ્મતેજથી જે હળહળે સદાએ
તે તેજ ભરત ભૂમિ આ એ.
બ્રહ્મરસે ભીના ઋષિવરની તે બ્રહ્મવેદી તે આ એ.
તે બ્રહ્મવેદી તે આ એ.
" શું તેજ ભરત ભૂમિ આ એ ? (૨)
વર્ચસ્વી ધ્યાનલીન મુનિનું તે તપોવનજ તે આ એ ?
શું તેજ ભરત ભૂમિ આ એ ? "
હા તેજ પુણ્ય ભૂમિ આ એ, } (૨)
તે તપોવનજ તે આ એ.

વેદવ્યાસ, પતંજલિ, પાણિનિ, કણાદ, ગૌતમ, ગર્ગ, જૈમિની,
કપિલ, વાલ્મિકી, પરાશરાદિની
પ્રૌઢી વાણી જ્યાં હજીયે ઉત્સુક કર્ણે નિત્ય પિવાયે,
તે તેજ ભરત ભૂમિ આ એ.
વર્ચસ્વી ધ્યાનલીન મુનિનું તે તપોવનજ તે આ એ

તે તપોવનજ તે આ એ.
" શું તેજ ભરત ભૂમિ આ એ ? (૨)
સરસ્વતીની લાડલી સખીનું તે પુણ્યભવત તે આ એ,
શું તેજ ભરત ભૂમિ આ એ?"

હા તેજ ભવ્ય ભૂમિ આ એ
તે પુણ્ય ભવન તે આ એ. } (૨)
" શું તેજ ભરત ભૂમિ આ એ? (૨)
સત્કીર્તિ રાસક વીરવર્યનું તે વીરક્ષેત્ર તે આ એ?
શું તેજ ભરત ભૂમિ આ એ?"

હા તેવીજ તેજ ભૂમિ આ એ.
તે વીરક્ષેત્ર તે આ એ. } (૨)
ભાર્ગવ, રાઘવ, ભીષ્મ, ભીમને દ્રોણ, કર્ણ, અભિમન્યુ, અર્જુને;
શકારિ વિક્રમ, સિંહરાજ ને સમરસિંહ, ચહુઆણુતાજ તે
પૃથુ, જયમલ, પ્રતાપ આદિને
નામે અમર ઉછળે ઉર જ્યાં આર્યતણું ઉત્સાહે,
તે તેજ ભરત ભૂમિ આ એ.
સત્કીર્તિ રસિક વીરવર્યનું તે વીરક્ષેત્ર તે આ એ.
તે વીર ક્ષેત્ર તે આ એ.

"શું તેજ ભરત ભૂમિ આ એ? (૨)
અમર કવિવર નૈસર્ગિક તે યશઃસત્ર તે આ એ?
શું તેજ ભરત ભૂમિ આ એ?"
હા તેજ દિવ્ય ભૂમિ આ એ, } (૨)
તે યશઃસત્ર તે આ એ.
કાલિદાસ કવિરાજ મુકુટમણિ, દંડી બાણ,
ભવભૂતિ, ભારવિ,

વાસ, મેંઠ, શુંદ્રક, બિલ્હણ, વળી શ્રી જયદેવ,
શ્રી હર્ષ, માઘ કવિ.
જગન્નાથ, સુર—ચંદ્ર ચંદ રવિ, પ્રેમી પ્રેમાનંદ આદિ કવિ.
પરમપ્રસાદી રસામૃતની જહીં આ કંઠ કાન્ત પાયે,
તે તેજ ભરત ભૂમિ આ એ.
અમર કવિવરનું નૈસર્ગિક તે યશ:સત્ર તે આ એ.
તે યશ:સત્ર તે આ એ;
હા તેજ ભરત ભૂમિ આ એ. (૨)
ભૂમંડળ મંડળ જન નંદન અમ આર્ય માત તે આ એ,
હા તેજ ભરત ભૂમિ આ એ.
તે તેજ ધન્ય ભૂમિ આ એ,
અમ માન્ય માતતે આ એ. (૨)
ચરણ પખાળે જલધિ પ્રીતથી, પંક્રાતુ પૂજે પત્ર પુષ્પથી
આનુ કરે ત્રયકાળ આરતી, વાયે ચમર સમીર સુરીતથી,
સુભગ સરિત શુચિ લલિ લાસ્યથી મૃદુ,
મર્મર કલરવ-વિલાસથી,
સુજશ દીસે દિશ દિશ પ્રકાશતી,
પ્રેમ તણા ઉપહાર અર્પી વળી જય જય જન ગાયે-ગાયે
જય જય જય જય જન ગાયે,
તે તેજ ભરત ભૂમિ આ એ;
જન નંદન અમ આર્યમાત તે આ એ
તે આર્યમાત અમ આ એ.

કેશવ હર્ષદ ધ્રુવ.

૧૪ "મારી ભરતભૂમિ"–સ્વદેશસ્તોત્ર,

(હરિ ભજન વિના
દુઃખ દરિયા સંસારનો પાર ન આવે. એ રાગ.)

મારી ભરત ભૂમિ !
કૃપાળી, રદ્ધીયાળી, યશાળી, સશીલ પુનિત !)
તારા ચરણ ચુમી, } ટેક
આનંદે વંદુ જય જય હરદમ તને !

દુનિયામાં દેશ અનેકજ છે;
સૌસૌમાં કાંક વિશેષજ છે !—
પણ તું તો અલૌકિક એકજ છે !–
મારી ભરતભૂમિ—

કોણ આવે હિમાલયની હારે ?
કોહીનુંરે અન્ય હીરા હારે;
વણ શેલડી સરસ સાકર કયાંરે ?–
મારી ભરત ભૂમિ—

શી ફળ ુપતા સ્થળ સ્થળ સોહે !
નવરંગી રમણી મનહાં મોહે !
જાણે વાડી વિશ્વભરનીજ હોએ,--
મારી ભરત ભૂમિ૦—

સાથે વિશ્વંભરવાની તું ઝાઝી;
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી,

તને પ્રભુએ કરી પ્રિય પ્રમુખાગ્ર,—
મારી ભરત ભૂમિ૦—
સ્ત્રીઓ પણ અબળા જે બાકી;
તેણે દેશ ભક્તિ સબળા દાખી;
ઇતિહાસજ છે એનો સાખી.-
મારી ભરત ભૂમિ૦—

તું તો સત્વગુણી તત્વજ વેત્તા,
દેશે દેશથી પંડીત જ્યાં વહેતા;
થઇ શિષ્ય મહોત્સાહે રહેતા.
મારી ભરત ભૂમિ૦—

તારાં કાર્ય ત્યારે યત્નને ભાળ્યાં;
મહા શિળ નિર્મળ બુદ્ધિવાળાં,
અહા ! 'દેવાં કમાડે પડે ન તાળાં,"
મારી ભરત ભૂમિ૦—

સેવું નિત્ય પુનિત તવ રજ ચૂમી,
ધન્ય ભાગ્ય **નવલનાં** તું જન્મભૂમિ૦
તારી ભક્તિ રંગે રગ રહીજ ઘુમી,
મારી ભરત ભૂમિ૦

સ્વ. નવલરામ,

૧૫ પંજાબનું રાષ્ટ્રીય ગીત.

સારે જહાંસેં અચ્છા. હિન્દુસ્તાન હમારા,
હમ બુલ બુલે હૈઇસકી, વહ ગુલ્સીસ્તાં હમારા.
ગુરબતમેં હુ અગર હમ, રહતાહૈ દિલબર્દનમેં,
સમજો વહી હમેભી, જહાં હોવે દિલ હમારા.

પર્વત વહ સબસેકા ઉંચા, હય સમાં આસમાનકા,
વહ સંતરી હમારા, વહ પાસબાન હમારા.
ગોદોમેં ખેલતીહૈ જીસકે કીનારે નદીયા,
ગુલશનહૈ જિસકે રસસેં દશકે જીના હમારા.

હે આબરોદ ગંગા, વહદિનહૈ યાદ તુઝકો,
ઉતરા તેરે કીનારે, તબકારવાન હમારા.
મિસરો યુનાન રોમ, સબ મિટ ગયે જહાંસેં,
બાકી મગર હૈ અબતક, નામો નિશાન હમારા.

કુચ્છ બાતહૈકી, હસતી મીટતી નહિ હમારા.
સદીયોસેં અસમાનહૈ, ના મહેરબાન હમારા.
ઇકબાલ અપના મહેરમ કોઇ નહી જહાંસેં,
માલુમ હૈ હમીકો, દુરદીનીયા હમારા.
મઝહબનહીં સિખાતા, આપસમેં વૈર રખના,
હિન્દીહૈ હમ. વતનહૈ હિન્દુસ્તાન હમારા—

---

૧૬ ભારત ભુમિનું જયકીર્તન.

(રાગ ખમાચ.)

મળી સર્વ ભારત સંતાન, એકતાન મન પ્રાણ.
ગાઓ ભારતનાં યશોગાન;
ભારતભૂમિ તુલ્ય નહિં કોઇ સ્થાન,
નહિં અદ્રિ હિમાદ્રિ સમાન;
ફલવતી વસુમતી, સ્રોતસ્વતી પુણ્યવતી,
ક્ષતખંડ રત્નનું નિધાન;

ધ્રુવ { થાઓ ભારતનો જય
જય ભારતનો જય
ગાઓ ભારતનો જય
શું ભય ? શું ભય ?
ગાઓ ભારતનો જય.

વિરયોનિ આ ભૂમિ વીરનો જનની,
વ્યાપી રહી અજ્ઞાનરજની,
સુગભીર એ તિમિર કદિ નહિ રહે ચિર,
દેખા; દેશે દીપ્ત દિનમણી—ધ્રુવ.
રામભૂમિ, કર્ણાટક, કુર્ગ, મધ્યપ્રાન્ત,
માલવ, સિન્ધ, પંચનદીધામ;*
બંગ, મદ્ર, ગુર્જરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર,
બ્રહ્મદેશ, ને રાજપુત્રસ્થાન—ધ્રુવ.

NATIONAL ARCHIVES LIBRARY
No 3161
Date 1-472
GOVT. OF INDIA

હિન્દુ, જૈન, સિખ, બૌધ, ખ્રિત, મુસલ્લમાન,
પારસીક, યાહુદી. ને બ્રાહ્મ;
ભારતના સહુ પુત્ર, થઇ પરસ્પર મિત્ર,
ધારી ચિત્ત ગણના સમાન—ધ્રુવ.
હિન્દભૂમી દુઃખ દુખી, દારિદ્રય વિસ્તાર,
સંપતીર્થ કરી વારંવાર;
ઉઠી ઉઠી રે ઉત્સાહે માગી માગી પ્રભુ સાહે,
ધરી હસ્ત કરો રે ઉદ્ધાર—ધ્રુવ.
કેમ ડરો ભીરૂ ! કરો સાહસ આશ્રય.
यतोधर्मस्ततोजयः
છિન્નભિન્ન હીનબલ ઐકયથી પામશું બલ;
માતામુખ ઉજ્જવલ કર્યેથી શું ભય ?—ધ્રુવ.

---

૧૭ ભારતીય રાષ્ટ્ર-સંગીત.

---

*હિન્દુસ્થાન.

૧

અતીત ગૈારવ વાહિનિ મમવાણી !
ગાતું આજ " હિન્દુસ્થાન ! "

---

* શ્રીમતી સરલા દેવી ઘોષાલ બી. એ. ના બંગાળી કાવ્ય ઉપરથી.

મહા સભા ઉન્માદિનિ મમવાણી !
ગાતું આજ " હિન્દુસ્થાન ! "
કર્ય ! વિક્રમ ત્વભત્ર, યશઃ સૌરભ પુરિત
એહ નામ કેરૂં ગાન !

(chorus સહુ મળીને)
બંગ બિહાર, અયોધ્યા ઉત્કલ,
મદ્ર, મહા, ગુર્જરાષ્ટ્ર, નેપાલ,
પંજાબ રાજપૂતાન !
હિન્દુ, પારસી. જૈન, બૌદ્ધ સાધ
સિખ્ખ મુસલમાન !
ગાઓ સકલ કંઠે સકલ ભાવે
" નમો હિન્દુસ્થાન ! "
હર હર હર જય ! હિન્દુસ્થાન !
(પારસી) દાવ હોરમઝદ ! હિન્દુસ્થાન !
(મુસલમાન) બ્રહ્માદી અકબર ! હિન્દુસ્થાન !
' નમો હિન્દુસ્થાન ! '

૨

ભેદરિપુ નાશિનિ મમવાણી !
ગા તું આજ ઐકય ગાન !
મહા બલ વિધાયિની મમવાણી !
ગા તું આજ ઐકય ગાન !
મેળવ્ય દુઃખે, સૌંખ્યે, સંખ્યે

લક્ષ્યે કામમનઃ પ્રાણ !
(chorus સહુ મળીને)
અંગ, બિહાર, અયોધ્યા, ઉત્કલ,
મદ્ર, મહા ગુર્જરાષ્ટ્ર, નેપાલ,
પંજાબ રાજપૂતાન !
હિન્દુ, પારસી, જૈન ઇસાઇ,
સિખ્ખ મુસલમાન !
ગાઓ સકલ કંઠે—સકલ ભાવે !
' નમો હિંદુસ્થાન !
હર હર હર જય ! હિન્દુસ્થાન !
(પારસી) દાવર ફ્રોદમઝદ ! હિન્દુસ્થાન !
(મુસલમાન) અલ્લાહિ અકબર ! હિન્દુસ્થાન !
' નમો હિન્દુસ્થાન ! '

૩

સકલ જન ઉત્સાહિનિ ભમવાણી !
ગા તું આજ નૂતન તાન !
મહા જાતિ સંગઠની ભમવાણી !
ગા તું આજ નૂતન તાન !
ઉઠાવ કર્મ નિશાન ! ધર્મ વિષાણ[૧] !
બજાવ ચેતાવી પ્રાણ !
(chorus સહુ મળીને)
અંગ, બિહાર, અયોધ્યા, ઉત્કલ

---

૧ બ્યુગલ.

મદ્ર, મહા—સૌરાષ્ટ્ર, નેપાલ
પંજાબ રાજપૂતાન !
હિન્દુ, પારસી, જૈન, ઇસાઇ,
સિખ્ખ મુસલમાન !
ગાઓ સકલ કંઠે—સકલ ભાવે
" નમો હિન્દુસ્થાન ! "
હર હર હર જય હિન્દુસ્થાન !
(પારસી) દાતર હોરમઝદ ! હિન્દુસ્થાન !
(મુસલમાન) ઇલાહી અકબર હિન્દુસ્થાન !
' નમો હિન્દુસ્થાન ! '

અરવિન્દ.

---

૧૮ જય ! હિંદ બાલ આપણ હો !

અયે ! હિન્દ બાલ આપણ હો !
જય ! જય ! હિન્દ બાલ આપણ હો
કયમ તનમન હૃદય ન નાચી રહે,
કયમ રગ રગ રકત ન ફૂદી વહે,
કયમ યોગ્ય ખુમારી ન શિર ચહે.
બસ હિન્દ—૦—અયે—૦
ભલે મૂઢ કો' હિન્દ નમાલી કહે,
ભલે અવગુણ કો' ભલી હિન્દ લહે,

પણ દિવ્ય ભૂમી આ એકજ છે,
તે હિન્દ—૦અયે—૦
ભડ હિન્દ સમી રમ્ય બીજી કહીં ?
મૃદુ વિશ્વ ખુશી હસી હીંચી આહં,
સુરી સાત્વિક લહર શીત સીંચી રહી,
તે હીન્દ—૦—અયે—૦
સૌ ધર્મી આવો હળી મળીએ,
નુરે હીન્દ ઝળવવા પણ લઇએ,
કયમ મહી મહી કાપી લડી મરીએ,
સૌ હિન્દ—૦—અયે—૦
કદી નિજ-હિતી કો' લડવા પટવે,
ચૂર નયન -શરે કરીએ શઠને,
ગિરિ-નિશ્ચયથી વદી હર ડગલે,
સૌ હિન્દ—૦—અયે—૦
સૌ આવો આવો પણ લઇએ,
કયમ ભીરૂ બની પાછા પડીએ,
છો પ્રાણ પળે નહિં પીઠ ધરીએ,
જય ! હિન્દ—૦—અયે—૦

વસન્ત વિનોદી.

અમારી ભૂમિનું અભિમાન.

(રાગ બિભાસ તાલ દીપચંદી)

એ ભૂમિ અમારી, મૈયા અમારી,

કોણ અવર કહેશે નિજની ?—
ન દેઉ ઉચરવા.....ટેક.
એ સ્વદેશ માટે, કો રણ—યજ્ઞે
પ્રાણ આહુતિ દઉ સજની;
ન ચાહુ ઉગરવા.....એ ભૂમિ૦
પરાધીન થઇ ટપલા સ્હેવા
ટાલ પડે શિર શરમ ભરી !
ભલું એથી મરવું !.....એ ભૂમિ૦
ગુલામ કાફર કાયર પૃથ્વી
હિન્દુ કાળા નામે ઠરી !
ભલું એથી મરવું.....એ ભૂમિ૦
શકે ન કાંઇ કરી એ બાળક
મરદ મૂછ મુખ હજુ ન ખીલી ? !
હાયે શાં મે'ણાં.....એ ભૂમિ૦
વણછામાં ઉછર્યો તે ફાલે
ફૂલે બળેથી ઉકળી ?
હાયે શાં કહેણાં.....એ ભૂમિ૦
નથી રાંકડા, નથી બાયલા,
નથી રે'વા નિત્ય દાસ સૃજ્યા
કયમ ગાજી ન કહીયે ?.....એ ભૂમિ૦
છઉ સ્વધર્મ રંગી, સ્વકર્મ સંગી
સ્વદેશ જંગી પ્રેમે ભિંજ્યા !
હરિ એકજ હઇએ.....એ ભૂમિ૦

સ્વ. હ. હ. ધ્રુવ.

૨૯

અમારો દેશ.

(દ્વિવ્ય.)

અમે ભરતભૂમિના પુત્રો !
અમ માત પુરાણ પવિત્ર,
રે જેના સુંદર સુત્રો
ઝલકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી
કરશું હોકાર હમેશ;
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૧

અંધાર વિષે અથડાતાં,
કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં,
કે કરતાં હાસ્ય વિલાસ;
પળપળ અમ ઉરનિધિ એ શી
હા ઉછળે ઉર્મિ અશેષ !—
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૨

ક્યાં હશે હિમાલય જેવો ?
ક્યાં પુણ્ય પવિત્રજ ગંગ ?
ક્યાં મળે અલૌકિક એવા
સહુ દેશ તણા બહુરંગ ?

કયાં મુનિ ઇશ્વરજન બેશી
કરતા પ્રભુ પંથ ઉજેશ ?—
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૩

કયાં રામ યુધિષ્ઠિર ધુમ્યા ?
કયાં ગરજ્યા અર્જુન ભીમ ?
કયાં રજપૂત વીર ઝઝુમ્યા
બલ દાખવવા અસીમ ?
રે ભૂલિયે તે રીતે શી
અમ અંતરથી લવલેશ ?—
અમે દેશી દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૪

નથી રે જીવવું પરઆશે;
છે પારકી આશ નિરાશ;
નથી કર ધરવો કો પાસે:
સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઈ પુણ્યપ્રભા જ પ્રવેશી
અહિં દે અમને ઉપદેશ:—
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ ! ૫

ધમધમ ધરણી ધ્રુજવીશું,
અમ દેશ તણાં કરી ગાન;
જય જય જયનાદ કરીશું;

દઇશું મોંધા અમ પ્રાણ !—
એ ભકિત વશી ઉર, તેશી
દેજો શકિત પરમેશ !
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય ! અમારો દેશ !

અરદેશર ફ. ખબરદાર.

૨૧ અમ્હે ભરત ભૂમિના બાળ.

અમ્હે તો ભરત ભૂમિના બાળ,
અમોને કેવલ એપર વ્હાલ;
નિરંતર કેવલ એપર વ્હાલ.
સ્વર્ગ સમી પરભૂમિ સુંદર ભલે રસમાં રમનાર,
અમ અન્તરમાં એને તેજે પળ ભર નહિં ચમકાર;
અમ્હે તો ભારત ભૂમિના બાળ—
રંક ભલે રહી માત અમ્હારી તદપિ તે અમ પ્રાણ,
હૈયા ગેલ સલુણા દેતી શીખવે ઉન્નત ગાન;
અમ્હે તો ભરત ભૂમિના બાળ.—
અવર ભૂમિની ભૂરકીમાં નહીં ભરત અમ્હે ભૂલનાર,
પરમાતાના લાડ લૂખેરા તે શું દુખ દળનાર !
અમ્હે તો ભરત ભૂમિના બાળ;—
અનેર વૃત કંઇ અમે ઉંજવીશું ઝગતા સુર ઝમકાર;

૨૩ ભરત-પપૈયો.

પદ. રાગ કલ્યાણ.

('ઉઠની પંખેરૂ '--એ રાગ.

ભરત પપૈયા તું ટળવળે શાંને. ધ્રુવપદ.

જાણું સ્વતંત્રતાની તારી પિપાસા એ—

શો વિકસી રે' અધર અસમાને. ભરત ૧
સ્વદેશ પ્રીતિની કુમળી શીળી વાદળીથી ચાહે

વરસંતી તું સુધાને ! ભરત. ૨
આશા અખંડળ ધનુષ ઉદયે આજે ! દાખે
રંગો નવા નવા નાંખશે વૃષાને, ભરત ૩
લહરિ લલિત વાયે, મધુર મંડપ મેઘ સરસ રચાયે

હરિ પ્રસન્ત તું થાને ! ભરત. ૪

૨૪ દેશી મિત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું.

(ગરબી.)

દેશી મિત્રો દુઃખ સરવ ટાળોરે આપણા દેશનું;
કાંઈ કાજ કરો રાજ નવલ આવ્યું છે હુન્નર નરેશનું, ટેક.
દોલત ગઇ પરદેશી હાથે,

તે મોટી ભુલ તમો માથે,
તમે સંપ ન રાખ્યો કોઇ સાથે. દેશી મિત્રો૦
આ વખત જુઓ તમે વિચારી,
નિરધન થઇ એહાં નરનારી;
કંઈ ધુળ મળ્યા ધંધા ધારી, દેશી મિત્રો૦
તમે દીલસે સહું દુર કરો.
ભલી વિદ્યાના ભંડાર ભરો,
હવે જાગૃત થઇ કાંઇ જુક્તિ કરો. દેશી મિત્રો૦

* * *

લક્ષ રાખીને ધંધે લાગો,
શિદ ભડકીને પાછા ભાગો;
મહા પ્રભૂની પૂરી મદદ માગો. દેશી મિત્રો૦
વળિ હૈયામાં હિંમત આણો,
જન સઘળાને સરખા જાણો;
શિદ તુચ્છમતીથી મત તાણો. દેશી મિત્રો૦
પરદેશી હુંનર પ્રગટ કરો,
સંપાને જંત્રો સિદ્ધ કરો;
દલપતની વિનતી દીલ ધરો. દેશી મિત્રો૦

સ્વ. કવિ. દલપતરામ.

---

૨૫ વિદેશી માલથી થતી ખરાબી.

હોરીદીપચંદ.

વિદેશી માલ ન લેશો, વિરારે વિદેશી માલ ન લેશો;

લેશો ન માલ વિદેશી કહિયે, માલ કહેા એમાં છેશેા; (૨)
માનશેા જો નહિ આ શીખ મ્હારી, આંખેા ચેાળીપછી રે'શેા;
દેાષ મુજને નહિ દેશેા, વિદેશી માલ ન લેશેા.
ટાપટિપેાના એ ઉપર ઉપરથી, જાણુજો છે વિર વેશેા; (૨)
મલમલ, સેના જગનનાથી ઝીણી, ધેાતી જોડા ને એસેા;
છેાડિ લેછે ગાંડેથી પૈસેા, વિદેશી માલ ન લેશેા.
ચાનક લાગે તમેાને તનક નહિ, વાગે છે આબરૂ કેસેા; (૨)
આટલેથી સમ ખાઇ બુલાખી, બંધ કરીને એસેા;
આમાં નથી કૈએ અંદેશેા, વિદેશી માલ ન લેશેા. (૩)

સ્વ. કવિ. બુલાખીરામ.

भैया देशका ए क्या हाल ।
खाक मीट्टी जौहर होती सब जौहर होइ जंजाल ॥
घर छोडके सब परको सेवे भाइको देत भगाइ ।
सागर पार सब धन गया और घरमां लछमी नाई ॥
पित्तल कांसा रहे कैसा, सोना चांदी शेष ।
अब इनामेल, गीलटी शीसा घर घरमे परबेस ॥
पाट रुइ सब इंयोंसे जाकर जहाज भरके आते ।
देशके आदमी मुरख बनकर, चांदी देके लेते ॥

गौ सुहरके लोहसें शोधित, चीनी निमक खावे ।
सफेदी देखकर मन ललचाता, हाथमे मोक्ष पावे ॥
गौशाळामे गौ हय कितनी, किसिको यह न सूझे ।
टीन भरे गो दुध विलाती, उसको मीठां बुझे ॥
देशके धन सब चोपट करके, लेते परदेशीया ।
हयांका लोक सब, फकिर बनजाय, ना पावे रुपैया ॥
बनारसी और शाल दुशाला, रेशम पशम छोडी ।
छिट पाट नकलै मखमल गोटा, मोलही देकर कोडी ॥
गौ सुवरकी चरबी देकर जो बनाइ लबास ।
पहने वही भारतवासी धर्म्म करके नाश ॥
पुन्यस्थान ये आर्यवर्तमे, नहिं मिले कोइ चीज ।
आदमी बौरा मुरख होकर, छोड दिया तजवीज ॥
आंखके आगे सबी पराहे, कोइ न पावे रुवा ।
घरको लछमी परको देकर, सब कोई रहे भूखा ॥
दीन विशारद, गनइ, विपत् भनो दुःख गीत ।
हो मतिमंद, देशके संतान, करो स्वदेश हीत ॥

स्व. कालिप्रसन्न काव्यविशारद.

૨૭ સ્વદેશ પ્રેમ.

પ્રેમ પ્રેમને પ્રેમ હૃદયમાં, પ્રેમ ઝડી લાગી૦ રહી;
સ્વદેશ ઉંન્નતી, સ્વદેશ પ્રીતી, સ્વદેશ ભકતી જાગી રહી.
ગુર્જરવીરો ગૈારવ ધારી, પવીત્ર ભુમી તમ ગુજરાતી;
ખ્રીટેનીયાની બાહાદુરાઇમાં, સ્થળે સ્થળે છે શરમાતી.
આર્યવીરો તમ આર્ય માતની, કુખ કીર્તીથી દીપાવો:
બેંગોલીના બંગભંગથી ચાનક ઉરમાં કંઇ લાવો.

સ્વાત્મ ભોગનો યોગ સમજીને, લક્ષ્મી બાહારનીજ નવકાડો;
સ્વદેશી ચીજો સ્વદેશી બીજો, બંત ધરીને ઉંગાડો.
યાદ કરો ઉપકાર માતૃના રત્ન દેશમાં ઉપજાવ્યાં;
આત્મ આહુતી તનમન ધનથી અર્પી વિજયધ્વજ ફરકાવ્યા.
તેજ દેશને તેજ વેરા છે, છેક સુવર્ણ ભૂમી છે આ;
પ્રતાપ અકબર સમરાંગણમાં, સ્વતંત્રતા માટે ઘુમીઆ.
આર્યવિરો અંજાઇ ભભકમાં, કાં મુંઝાઇ મરો હાલા;
પરદેશી તમ રીત પરખીને, બન્યા વાણીયા જો કાલા.
ભપકામાં ભયકામાં મગચે, ભીખ ભાખી મીઠું મીઠું;
હીંદુસ્થાન તને પરદેશે લલચાવી લુંટી લીધું.

જાગો જાગો જબરયોચ, નીજ દેશ હીતને ચીત ધારો;
પરદેશે જાતી લક્ષ્મીને, કમર કસી પાછી વાળો.
વીલાયતીને વાડ કરીને, અંદર આવતી અટકાવો;
સ્વદેશ બંધુ પરસ્પરમાં, હળીમળીને હરખાઓ
જુઓ બંધુ બેંગોલ શીખવે, શેાખમોજને પરહરીને;

દેશી જોડા દેશી ધોતીયાં, દેશી પટકુળ પેહેરીને.
વંદેમાતરમ્ ભવ્ય ઘોષમાં, ભાષણ કરીને ઘ્રુજવે છે;
સ્વદેશ સેવા સ્વદેશ ભક્તી, આર્ય હૃદયમાં ગજવે છે,
ધન્ય વીરો બહાદુર બંકા, ડંકા વીજયના વજડાવે;
શ્રેષ્ટ શૌરોમણી સુરેંદ્રનાથનું, નામ હૃદયને ઉછળાવે.
ગાજો ગાજો ગુર્જર વીરો, જાગો ભરનીદ્રામાંથી;
કયા ગઇ કયાં ગઇ લક્ષ્મી તમારી, કોણે હરણ કરીયું ઘાંથી.
લાવો લાવો સંપજંપથી, દ્રઢ પ્રતિજ્ઞા મન ધારી;
જાવાચો તકલદી તમાશા, બાહાર તણી શોભા સારી.
સાફ સુફને વળી સુંવાળું, ભાળીભાઇ નવભરમાશો;
ટાપટીપને ઉપર ઘોળકું, નાશ થતાં ઉર પસ્તાશો.
જુઓ તમારા રંકકારીગર, તમ દ્રોહેથી રૂદન કરે;
બળી હયાતી હોઇ તમારી, સ્વદેશીબંધુ ભૂખે મરે.
કાંઇ વીચારો અંતર આણો, દયા દેશની ઢાપણથી;
થતી ખુવારી હજુ અટકાવો, થઈ ઘણી તમખાંપણથી.
અલ્પ શીખ છોટમની આતે, સ્વદેશી બંધુ ચીત ચહો;
'સ્વદેશ સેવન ધર્મ અનુપમ,' ડગલે ડગલે આવું લહો;

ગીતી.

સ્વદેશ હીતને કાજે, સ્વદેશબંધુ ચીતચીંતા આણો;
સ્વાત્મા પણ અર્પણ કરી, માતૃભુમિનું દ્વારીદ્ર દુર કરો.

છોટાલાલ દલસુખરામ.

૨૮ આધુનિક ભારત.

(રાગ રામશ્રી.)

આ શી દશા રે દેશની ?-જોઇ ઉકળે છે ઉર
ઝાંખો દીસે ફીકો પડી, કયાં ગયું રે નૂર ?—આ શી૦ (ટેક)
સૂરજ જે આ દેશનો કેવો, કરતો પ્રકાશ?
હા હા તે શું ઉતરી, પડયો અંધારે પાશ?—આ શી૦ ૧
મુખપર લાલી શી દીપતી, ભાળી રહીં જગ સર્વ !
ઉડી ચાલી તે કયાં ગઇ, ખાલી રહીં ગયો ગર્વ! આ—શી૦ ૨
લોહચુંબક જેવો હતો, જગ ખેંચતો પાસ;
લોપ થઇ કયાં શક્તિ તે, વખણાયલી ખાસ?—આ શી૦ ૩
સત્ય સુવર્ણજ પૃથ્વીનું, ગણાતો નિરધાર;
સૌ પરદેશ મથ્યા હતા, જેવા દિવ્ય દિદાર!--આ શી૦ ૪
ભૂમિ અધીપર જેહની, પડતી હરદમ હાક;
વીર્ય ગયું કયાં વંઠી તે, રડી રહ્યો શું રાંક?—આ શી૦ ૫
વીર નરો પાકયા જયહાં, એવી સબળ આ ભૂમિ;
રસકસ ગયો શું લુટાઇને? વીર્યહિન રહી ઝુમિ!—આ શી૦ ૬
કસર કાર્ય વિશે શી પડી ? થયા બાયલા ત્યાર;
એનો સુમાર સુસંપમાં, બાંધો નેહથી યાર ! —આ શી૦ ૭
ધર્મ થયો સહુ ભ્રષ્ઠ ને, ભ્રષ્ટ થઇ ગયો મર્મ !
કર્મ જેથી ભ્રષ્ટ આવિયું, ભારી અન્ય શો ભર્મ?-આ શી૦ ૮

બુડી ગઇ બાળલગ્નથી, પ્રજા સૌ દુઃખમાંય;
હિંદ ગયું રે હાથથી, મારી હૈયે હાય ? —આ શી૦ ૯
બ્રહ્મચર્ય પાળી પળાવીને, બનો સૌ નરવીર;
હિત કરવાજ સ્વદેશનું, અર્પો ધન મન શીર?–આ શી૦ ૧૦
હુન્નર સર્વ પ્રકારના, પ્રિય લાવો સ્વદેશ;
આપી ઉ-તેજન દેશીને, રાખો માનજ બેશ!—આ શી૦ ૧૧
સુંદર જગમાં શોભતો, પાછો દેશજ થાય:
રે શૂરવીર ! મથ્યા રહી, યોજો એવા ઉપાય!-આ શી૦ ૧૨
હિમ્મત ધીરજ ધારીને, વધો રાખી ઉમંગ;
વજડાવો જગ અદલ સૌ, હિંદ વિજયના ચંગ!–આ શી૦ ૧૩

અરદેશર ફ. ખબરદાર.

હિંદવાણી.

' હરિગીત '

હું પ્રેમ–શૌર્ય ભરી ભૂમિ ભૂમંડળે રહી ભ્રાજતી,
કંઇ પૂર્વમાં ફુલતા દડા સાનંદ રહી ઉછાળતી;
ને રત્નમય મૂજ ભૂજ બાંકે, વિનય કેરા ચુડલા;
હું પૂર્વની પટરાણી'*તી, સુણજો જગત્ જન રૂડલા. ૧
કંઇદિથી ધારી મેં કટીએ વિંધ્ય કેરી મેખલા;
હરિયાળી લીલી સાડીથી કદી વેશ ધરૂ નવલા ભલા;

---

* Mistress of the East.

છે ભવ્ય હિમાચળરૂપી વેણીજ જો જો વિખરી:
મૂજ શ્વેત સેંથલી સાથમાં ગંગા સરિતા રહી સરી. ૨
ચોપાસ ચારે દેવતા મૂજ અંગની રક્ષા કરે;
કરી દૃષ્ટિ અમીની તેહ વળી ભંડારને અભરે ભરે.
વીંટલી મુને ત્રિપાર્શ્વ આપે જલ નિધિ કંઇ અંજલિ,
ને અણમૂલાં બહુ રત્ન દેતો હર્ષમાં આવી વળી ૩
વળી હર્ષઘેલી લાડકી છે એક લંકા બેટડી,
જલે કનકની કાયને મૂજ ચર્ણમાં રહી તે પડી;
મૂજ પુત્ર બેછે પાટવી, કુલ ચૌદ પુત્રો તેમને,
જેની અસંખ્ય પ્રજા વધી દીપાવતી મૂજ દેહને. ૪
એ રીત દૂય મનુકોટી મનુજો[1] થઈ રહ્યાં મુજ બાલુડાં;
આ ઉરપરે વશી ગેલ કરતાં ખેલ કરતાં કાલુડાં;
અન્યોન્યમાં રીઝે ખીજે નહિં લેશ હું તેને ગણું,
કો વીર, દાના, ભકત, કીર્ત્તિ તેમની વિશ્વે ભણું. ૫
હું કચ્છ સિંધુ પ્રદેશને ધ્રાલી રહી મૂજ સ્હોડમાં,
ને બંગ, બરમા. ઓરિસા નચવંત કરથી કોડમાં;
ઝનુની ભૂમિ રજપૂતની મૂજ ઉરમાં વાશી રહી,
ને કોંકણસ્થ પ્રદેશ ધનદળ સાથળે સૂતો જઇ. ૬
નિજ હંસવાહનપર ચઢી રમવાને મ્હારે આંગણે,
આવંત દેવી શારદા મૂજ પ્રિય બાલુડાં કને;
ને વેળ બહુ કમલા સ્વકાન્તની સ્હોડ ત્યાગી આવતી,
મૂજ મંદિરે કંઇ મિષને મૂજ લાલ પાસે રહો જતી. ૭

---

૧ અઠ્ઠાવીશ કરોડ માણસોની વસ્તિ.

લંકેશ એશ નરેશ, ગ્રહ કેદી કીધા નિજ વાસમાં,
અહંકારમાં છાકી, છળી, હરી સીત સતિ સુખ આશમાં,
સિંધુ તરી, પ્રાક્રમ કરી, દશમુખ દળ સહ મારિયો,
રઘુકુલ મંડન રામચંદ્રે-જન્મ અત્રે ધારિયો. ૮

સત્યે અચળ, સ્થિર યુદ્ધમાં, સત્ય સ્વરૂપ શ્રી ધર્મ જે,
બાહુબળી, બાણાવળી, ભડભીમ, પાર્થ સુ ધર્મ તે,
વરણાગી વેષ નકુલને સહદેવ જ્ઞેતો કુંડળી,
તે પંચ રત્ન પ્રસિદ્ધ થઇ ભૂજ સ્હોડમાં સૂતાં ઢળી. ૯

સત્ય સ્વરૂપ સુ-ટેકી જે, હરિશ્ચંદ્ર રૂડો રાજીઓ,
અત્યંજ ગૃહે, ઋષિ ઋણથી, દાસત્વ નીચ ગ્રહી રહ્યો,
વેચી સતિ તારામતિ—જગ મધ્ય સુયશ જાગિયો,
તે સત્યધર શિરોમણી નૃપ જન્મ અત્રે પામિયો. ૧૦

રે! ધર્મ ધોરિન્ધર મુનીંદ્ર વસિષ્ઠ વિશ્વામિત્ર જે,
દર્શન પ્રભાવ થકી હરે જ ત્રિતાપ ઓઘ અરિષ્ટ તે,
ઇંદ્રિય સંયમ આદરી ગ્રંથો ગૂંથ્યા અનુપમ બહુ
ઉપન્યા, વિલીન થયા અહિં, ભૂમંડળે ભાખે સહુ. ૧૨

વૃંદાવને, વ્રજકુંજમાં વેણી બની ગોવાલણી,
સહુ ભાન ભૂલી આતુરી, રવ મિષ્ટ મોરલીનો સુણી,
તે સહ શરદ્ચંદની વિશેજ રસાળ રાસ રચી રૂડો,
કાલિન્દી ધન તટપર રમ્યો, વ્રજવાશી કાલો કાનુડો. ૧૨

નળરાય પુણ્ય શ્લોક જે વખણાય પુણ્ય પ્રભાવથી,
ભીમ જંગલે, કળી છળબળે, ત્યાગી'તી દમયંતિ સતિ,

અભિમાન બાહુકનું ધરી બેડોળ બની છાનો રહ્યો,
ગુણ બાણને કુલભાણ નૃપ નળ આ સ્થળે પેદા થયો. ૧૩
જેણે દીપાવી નાટય બંધે ભરતમાત શકુન્તલા,
ને વર્ણવ્યો રઘુવંશ વિરતારી, શું વાણી વિમળા,
પતિના વિછોહે દૃગઝરણ જનકાત્મજાનાં ચિતરયાં.
કવિ રત્ન કાલિદાસને ભવભૂતિ અત્રે અવતર્યા. ૧૪
હા! વીર પૃથુ, પ્રતાપને રણરંગ સંગ શૂરો જહિં,
મૂજમાટ રૂધિર રેડીને, મૂજ અંકમાં પોઢયા અહિં,
વળી કયાં સમરશિવ અંશને કવિ ચંદ કુલદિપક ગયા!
શિવાજી શૂરપૂર ભક્તવર—મૂજઆશ કયાં? કહેવા રહ્યા? ૧૫
એ રીત જ્યારે ભૂતભાન ઉભાય છે મૂજ અંતરે,
આ હૃદયસર ઉહોળાય ને આંસુ બળક નયને સરે,
હા! એમ વૈભવપૂર સ્વપ્ના પેર, બ્હાણું વહી ગયું;
સંભારીને તે સર્વ મૂજ રોવું રહ્યું, રોવું રહ્યું. ૧૬

(શેલત.)

---

૩૦ ઓ હિન્દ!

(પદ--હસતન જનકી કૌન બરાઈ,--એ રાહ.)

ઝૂરી ઝૂરી હવે કયાં સૂધી જોવું!
ઓ હિન્દ! હાઇં અહિં દૂખ શું રોવું?-ઝૂરી. ટેક.

કળિમાં ખવાઇ તું શૂરવીર જાયી,
ઝર્પે જખમ તેમાં તું આ તણાઇ !–ઝૂરી. ૧

ઉંચ કુલિન તહારૂં નુર અમીરી,
રે શું ધર્યો હવે હાલ ફકીરી ?–ઝૂરી. ૨

લમણે તું હાથ રે મૂકી શું ઝૂરે ?
હાલ આ તહારો હૃદય મુજ ચૂરે !–ઝુરી. ૩

દુઃખનું છવાયું છે વાદળ માથે,
રે કોણ હાથ ધરી રહે સાથે ?–ઝૂરી. ૪

કોણ ઉદ્ધારે રે કોણ ઉગારે ?
આ દુઃખસાગરથી કોણ તારે ?-ઝૂરી. ૫

આજ શૃંગાર સૌ તુજથી વછૂટયો,
પૂર્ણ વૈરાગ્ય નિરાશે શું ચૂટયો, ?–ઝૂરી. ૬

રસ આઠે તહારા ગયા કહિં ઉડી ?
સર્વ છાંયી કરૂણા મહિં બૂડી !–ઝૂરી. ૭

બહુ બહુ રે રહી રાત અંધારી !
ઓ ઇશ કયાં છે અરૂણની બારી ?--ઝૂરી. ૮

અદલ પ્રભુ આ સમાધી મૂકાવો !
કે મુજ હિન્દ લે શુભ દિન લહાવો !–ઝૂરી. ૯

અરદેશર ફ. ખબરદાર.

---

૩૧ મિશ્કીન મુલ્કે માશૂક.

શિખરિણી છંદ.

ઉતાર્યા શૃંગારો ! કર વલયતે ખંડિત કિધાં !
તુટયાં ફાટયાં વસ્ત્રો, શરીર થકીએ ઝુંટવી લીધાં !
પ્રહારો ઝાઝાથી, જરજર કીધાં અંગ સઘળાં !
હશે એતે કોનાં? ભરત રમણીનાં રિપુ ગણો.

ગઝલ.

મુલ્કે માશૂક ગનિમે ગિરફતાર કીધી તુંને !
જુલ્મે જાલિમ ખાવિંદે ખુબ ખુવાર કીધિ તુંને ! મુલ્કે૦ ૧
શી મિશકીન, શી ગમગીન, નુર વિનાની દીસે !
ચશ્મે ચોધાર વરસે આંસુ ! બેજાર કીધિ તુંને ! મુલ્કે૦ ૨
શી બેહોશ, હા અફશોસ! નીશાસા ઉન્હા બેધુમે?
ઘાયેલ છાતિ ધગે ! ફકત ના ઠાર કીધિ તુંને ! મુલ્કે૦ ૩
પડયા સોળ ઓળા-ઓળ અંગે જખમ બધા !
હશે હેવાન કે 'શેતાન' ? તાબેદાર કીધી તુંને ! મુલ્કે૦ ૪
હરદમ પરહેજ ! ના હરગેજ મળીકો શકે તુંને ?
બંદી બાંધી ખુશ ગૂલ નિરાધાર કીધિ તુંને ! મુલ્કે૦ ૫
ગઇ સ્વતંત્રતા કયાં? પરતંત્રતા આ આવી પડી !
અરણ્યે રડે મેહુ બૂબ કોણે બિમાર કીધ તુંને ? મુલ્કે૦ ૬

કરૂ જાન આ કુરબાન ! કે' કે' શું તું-કાજકરૂ?
બંદો ઈશ્કનો બુલબુલ તારે તાર કીધિ તુંને ! મુલ્કે૦ ૭

શાયેરાં શેર જોઇરે' કેર'ગાજી નહિ ઘુરકી ઉઠે!
તલપેનહિ પાસે તારી જયાં આમ શિકાર! કીધિ તુંને ! મુલ્કે૦ ૮

સ્વદેશવીણા.

૧

મુજ દેશની વ્હાલી વીણા ! અધા ધુનીના કાલમાં
મમ દૃષ્ટિ ગોચર તું પડી અતિ દુઃખથી બેહાલમાં;
મુજ હસ્તથી તુંને ગ્રહી ચાંપુ અતિશે સ્નેહથી,
મુજ દુઃખથી દુઃખી બનું, અશ્રુ ઝરન્તા ચક્ષુથી.

૨

જે ચક્રવર્તિ રાજ્યથી મંજૂલ શબ્દે ગાજતી,
જે ધારતી સર્વોપરી સત્તા અધિષ્ટાતા બની;
જે શર્મઅબ્ધિની મહીં આનંદી થઇને મ્હાલતી,
જે દુઃખ એ શી વસ્તુ છે—તે સ્વપ્નમાં ના જાણતી.

૩

જહેના સુપુત્રો સર્વદા સાન્નિધ્યમાં રે'તા હતા.
જહેની સદા આજ્ઞા શિરે અતિમાનથી ધરતા હતા;
તે હા ! પડી દુઃખાબ્ધિમાં, એકાકિની મૂર્ચ્છા થકી ! !
સાન્નિધ્યમાં કો શુશ્રુષા કરવા રહ્યો ઉભો નથી ! !

૪

આ શી સ્થિતિ તહારી બની, મમ વ્હાલી દેવી દેશની !!!
આ દુઃખ તહારૂં ચક્ષુથી હું ના નિહાળી હા ! શકું !!
આનંદદાયી દુઃખીને માધુર્યતાથી જે હતી
મંજુલ ગુંજન્તી, અતિ આનંદમાં ક્રીડન્તી'તી.

૫

ગુંજારવો જહેના ત્રિલોકે સાંભળી સર્વે જનો
આનન્દઅબ્ધિમાં ડુબ્યી ગાતાં ગુણો શું સ્નેહથી ?
તે સર્વ તહારી આ સ્થિતિ જોઈ અતિ દુઃખી બની,
સેવા કરન્તા હા ! પડ્યાં !! સાન્નિધ્યમાં મૂર્ચ્છા મહી !

૬

આક્રંદ છોડી દે હવે, પ્રાણાધિકે ! દેવિ ! અયિ !
તજી દે તું અશ્રુસ્ત્રોત હાવે વ્હાલી દેવી માહરી:
ભાવિ પ્રમાણે જે બન્યું તે ના સહે આનંદથી ?
કરતી શું મિથ્યા શોક આવો દુઃખથી દુઃખી બની,

૭

તુજ દુઃખથી આ ફાટતું હૃદ માહરૂંજ સહઅર્ધા !!
તુજ દુઃખ જોઇ અગ્નિથી સર્વાંગ દુઃખે શું દહે !!!
હે વ્હાલી દેવિ ! માહરી, તુજ શર્મ પ્રાપ્તિ અર્થમાં
યત્નો કરૂં આનંદથી, કો દુઃખને ના હું ગણું.

सुनन्दन-

बन्धुसमाज.

૩૩ સ્વરાજ્ય રણગીત.

(રજપુત શુરારે જુધ્ધમાં વીર નથી શું ? એ રાગ.)

શાણા શહેરીરે, સૂરા સભાસદ સારા,
શોધી આપોરે, નિડર રીતે લડનારા ! શાણા૦
સ્વારથ મૂકી અળગો ભમતથી પ્રજા માટે જે લડતા.
હક સ્વતંત્ર શુભ લાભ જાળવી ભલા ભલા શું અથડતા ! શાણા૦
તન મન ધન ખરચી નિશદિન જે સ્વદેશ સેવા કરતા,
ઉજ્વળ મનહર વાણી બળથી કાર્ય સફળતા ધરતા ! શાણા૦
જે નિજમાન પ્રતાપ દિપાવી આપ પ્રતાપ વધારે,
રત્ન પરખતાં આપે અમૂલખ એ આપની શોભારે ! શાણા૦
શું એ આપણું ઉકાળશે જે ખુશામતે ખુશ થાતા;
સાહેબને શત સલામ કરતા રંક દુઃખે ન દુઃખાતા ! શાણા૦

સ્વ હ. હ. ધ્રુવ.

---

૩૪ ધરૂ કફની.

લેખતો.

ધરૂં કફની અમો આંગે ! સોહાઉં શેલી ઉછરંગે !
ન પરવા ! હોયહા ! જ્ઞાની ! ભુમી મેહે ખૂબ કુમલાંની !
કરૂં ખેરાત ખુબ સુરતી ! કરૂં ગુમ મોહ મદ ભરતી !
નગમકે ગમગિનિ જુજવાં ! ગણું તન ધન મન ઝાંઝવાં !

દિધુ દિલદારને દિલ આ ! અહા એ ખ્વાર ! તો લયહા !
પછી શું શેષ રે'વાનું–જગત જંજાળ જેવાનું ?
બદન ભલે આગ ભભકાવો ! બંધુબધ આખ થઇ જાઓ !
પ્રવાહે એ વહી જાઓ ! હવાએ એ ઉડી જાઓ !
ફિકર શીછે ફકીરીમાં ! જિકર શીજ્યાં જંજીરીઆં !
હવે જ્યાં આભ ફાટે હા ! ભલે પ્રલયે ઉચાટે શા !
બની **સંન્યાસિની** બાળા ! હૃદય પરતંત્રતા—હલાળા !
રણે રણે એહ અટવાઇ ! ગઇ સઘળેથિ ધોવાઇ !
ન જોવાએ વિલું મુખડું ! ન લેવાએ ઉગ્યું દુઃખડું !
શૂરાપણુ એ હવે **ક્ષમણું** ! રહ્યું રણુ–ત્યાગિ ભીરૂપણું ! !
ત્યારે કેમ ભાગીઁ નૈવ જવુ ? ત્યારે કેમ ત્યાગિ નૈવ થવું !
ભુમી **સંન્યાસિની** આ ભલે સદા સંન્યાસિ **હરિ** એ અમે !

સ્વ. હ. હ. ધ્રુવ.

૩૫ હિન્દના વાસી—સર્વ સંન્યાસી !

અમો આ હિન્દના વાસી !
અમો તો સર્વ **સંન્યાસી** ! !
ભભૂતી આ દિલે ચોળી,
રહ્યા ધરી કાખમાં ઝોળી ! ૧

ઉઠાડી આગ સંસારે !
અમોને માર બહુ મારે !

હવે તો ભેખ આ લીધો,
અમારાં કર્મનો દીધો ! ૨

અમારી આર્યભૂમિ રે,
રિબે કૈ કાળથી શી રે !
અમે આ કાયરા પૂત્રો,
કરી શકતા ન કંઇ સૂત્રો ! ૩

અમારાં રક્ત તો ઠંડાં !
અને યકૃમ ઉષ્ણ તે મંદાં ? !
નહીં દુઃખતાપથી તપતાં
કદી ઉછળે વિજય જપતાં ! ૪

અમારી રિદ્ધિ તો ખુડી,
અમારી સિદ્ધિ તો ઉડી;
અમારા વીર પણ સાથે,
ગયા બળી સ્વર્ગને માથે ! ૫

હવે કયાં રે અમો જઇયે ?
અમારૂં દુઃખ કયાં કહિયે ?
રહ્યા નહિ **રામ** તો હ્યાં રે !
હવામાં અમ અરજ હારે ! ૬

નહીં ગામે, નહીં સહેરે,
નહીં દેશે, દિસે ચહેરે !
મળ્યું જીવન અરે એવું !
રહ્યું ભીરૂત્વનું દેવું ! ! ૭

નહીં કો કામ હરવાનું !
નહીં કો નામ વરવાનું !
ભિતર ધૂણી રહી સળગી !
કરે રે કોણ તે અળગી ? ૮
ઉરે બહુ ગુંગળાવે છે !
ભ્રમણમાં કદ' ભમાવે છે !
અરે સહુ ખાખ થઇ જાતું !
બધે દુર્દૈવ તો ધાતું ! ૯
શિતળ તવ કોણ જળ છાંટે ?
ઉગારે હિન્દ તન સાટે ?
અદલ ઇશ સાથમાં આવો !
ફકીરી હાલ મૂકાવો ! ! ૧૦

અરદેશર ફ. ખબરદાર.

---

૩૬ સ્વતંત્રા–ખરી હિમ્મત.

(ચામર.)

હિંદુઓ હવે ખસૂસ હોંસ દીલ આણજો,
યોગ્ય જે સ્વતંત્રતા ન તુચ્છ જાણજો;
છો તમો ગુલામગીરી શત્રુ શસ્ત્ર ઘાયલ,
રોગમાં રીબાઇ છો થયા પથારી ઝાયલ.

* * * *

સાચિ હિમ્તે હણાય શત્રુ સો કરોડ તે,
સાચિ વાતમાં દગેલ રોહ તા દુજા થતે;
સાચિ તે સ્વતંત્રતા શુરી ઘણી જગાડવી,
સાચિ વાતમાં ખરે સુકૃધમે લગાડવી.

સ્વ. કવિ નર્મદાશંકર.

---

૩૭ તને હિંદ ભૂમિ.

રાગ સોરઠ.

તને હિંદ ભૂમિ ઘડી ઘડી શું કહે રહડી તું પડી પડી;
ગઇ કીર્તિને ગયું નામ એ, ગઇ લક્ષ્મી ને ગયું કામ એ,
ગયું ધામ એજ તમામ હે તને શું કહેવું ફરી ફરી?
તને હીંદ૦—

ગયું વકત્ર કર્માઇ બંધું, ગયું અંગ સૂકાઇ સુધું,
થઇ ગઇ છું ચિંથ રે હાલ તે કયમ જોઉ આપ ભરી ભરી
તુને હિંદ૦—

ગઇ તે ગુલાબી રંગની, ગઇ કાન્તિ તે પણ સંગની;
હસતી છબીજ ઉમંગની ગેઇ તે સલૂણી કયાં ગઇ ?
તને હિંદ૦—

બહુ રમ્ય શૃંગારો ગયા, મન ઇષ્ટ આનંદે ગયા;
રક્ષકાર સામન્તે ગયા, થઇ ગઇછું ચિંથરે હાલની.
તને હિંદ૦—

ગયો કયાં પૃથૂ રણશીર એ ? પણ કયાંહ વિક્રમ વીર એ !
ગયો કયાં રઘુવર ધીરએ, સહુ શૂર સૂરિ કયહાં ગયા !
તને હિંદ૦—

બહુ વચ્ચ એકલવીર કયાં ? સહુ વચ્ચ તે સુરપૂર કયાં ?
અરિ વચ્ચ તે અભિમન્યુ કયાં ? તને શું કહું હું ફરી ફરી ?
તને હિંદ૦—

કોહિમાયતી કોહિમાયતી, જન્મભૂમિનો કોહિમાયતી
યત્નથી થતી, જન સાય'થી, વિભવે મથી, તું રડી રડી,
તને હિંદ૦—

અરિ જંગમાં, કરિ ભંગમાં, બહુ રંગમાં,
તું જણાય કેવિ જિતે જડી, ગુણરૂપ નંદન સુંદરી,
બહુ વીર ખોલે તડી તડી, તને હિંદ૦—

ભરિ માનમાં, તું નમાનમાં, જરિ સાનમાં; રાજનમાં,
કહિ કાનમાં લઇ ધ્યાનમાં મદ પાનમાં, સંતાનમાં,
તને હિંદ૦—

બહુ પ્રેમને બહુ શૌર્ય કેલિ, સ્વદેશ પ્રીતીનિ હેલ રેલી.
સમસ્ત ઉન્નતિ ખેલ ખેલિ જણાય જે તું ચહડી ચહડી.
તને હંદ૦—

જય હોય રે, જય હોય રે, વિજયી પતાકા હોય એ,
રણતુર વાગિ વિભાવધે, સહુ શૂર ગાય અડી અડી,
તને હિંદ૦—

સંહાર શસ્ત્રો ઊછળે, રિપુ રકત વસે જય મળે,
જય શબ્દ સ્વર્ગે જય ભળે દિવ્ય પુષ્પ વૃષ્ટિ ખરી ખરી,
તને ધિંદ૦—
દુષ્ટ બુદ્ધિનો કાર નાશ એ. દાસત્વનો તજી પાશ રે,
કરિ એમ ઉન્નતિ ભાસએ, કૃતિ થાય નિત્ય વડી વડી.
તને ધિંદ૦—

સ્વ. ભીમરાવ ભોળાનાથ,

---

૩૮ નિદ્રા–નાશ.

૫૬.

નિંદલડી ન આવી, સારી રેનાં વહી ગઇ ! (૨)
ધ્રુવપદ૦
ચિત વત ચિત્ વત ચિત શુંકરૂં પ્રિય !–ભરત ભૈયાની ગતી
હૃદયે ધુંટી રહી ! નિંદલડી૦ ૧
યજન યજ્ઞું ! બળિદાન શું અર્પું? તન મન ધન વ્યય તણી
ચટપટી થઇ ! નિંદલડી૦ ૨
સંસાર ન સુઝે! શૃંગાર કંઇ ન રૂચે ! ધર્મ અર્થ કામની
કદશના રહી નહિં ! નિંદલડી૦ ૩
હરિ હરિ! રણ રણ શરણ સ્વપને વિકે! તરણી મોક્ષ કરણી
ભરત ગૌચ્યા ગ્રહી ! નિંદલડી૦ ૪

૩૯ હરિ તું ફરી જોબનિયું આપે.

ફરી જોબનિયું આપે, હરિ તું ફરી જોબનિયું આપે.
હિંદુ દેશને થાપે, હરિ તૂં નીજ કરીને થાપે. ટેક
ભર જોબનમાં બન્યો વૃદ્ધ તે, ત્હારે યોગ્ય સરાપે. હરિ૦
તન મન ધન તે ગુમાવિ બેઠો, મદ આળસને પાપે. હરિ૦
વિહ્વલે ત્હોડે તે રઝળે ટટળે, રીબાયે ત્રણ તાપે. હરિ૦
ભણ્યો શૂર તે આજ જણાયે, વ્હેમી કાયર છાપે. હરિ૦
પુત્ર પુત્રિ યશ અલાપ કરતો, તે રોએ છ વિલાપે. હરિ૦
શિક્ષા ઘટતી થઇને લાગી, તું વણ કો દુખ કાપે. હરિ૦
પસ્તાતા ડાહ્યાપર કરવી, કૃપા હવે માબાપે. હરિ૦
ડૂબ્યું નામ તે ઝટ તરિ આવે, કીર્તિ જગેશ્વરિ વ્યાપે હરિ૦
હિંદુ દેશ માનીતો ત્હારો, પ્રથમ થકીજ અમાપે. હરિ૦
ભણિ ગણિ શુર થઇ તે લે જસ, નર્મદ બ્રહ્મ પ્રતાપે. હરિ૦

સ્વ. કવિ નર્મદાશંકર

---

૪૦ સીતા—સ્વતંત્રતા હરણ.

૫૬.

રાગ ઠુમરી.

કોણ રાવણ મુજ હરણ કરિ ગયો સીતા સ્વતંત્રતા આ પ્રાણ સખી?

કોણ૦—ધ્રુવપદ૦

એને કારણ રૂદ્ર ધનુમે' ઉઠાવ્યું, પ્રત્પંચા ચડાવતાં ગયું એ તુટી !
વિષમ પરશુ-ધરનો ડર ન લહ્યો ન ચહ્યો અભિષેક સ્વરાજ્ય ગુંટી!
કોણ૦ ૧

અખંડ સૌભાગ્ય સતીથી લહાવી, સેવાવી સૌ મિત્રિથી, કર્યા કંઇ દુઃખી!
વિરાધ શું દૂષણ ખર ત્રિશિરા સાથે ખચાવી!રચાવી કંઇપર્ણકુટી શુંસુખી
કોણ૦ ૨

હરિ હરિ! અસ્ત થઈ કાં મુજ કૌમુદી; રાત્રિ અંધારી દુઃખકારી કાં પડી!
વન વન વલવતો ભટતો તોએ મારિ મનોરમણી ન જડી !:!
કોણ૦ ૩

અસ્ત્ર ન શસ્ત્ર ન શાસ્ત્ર પ્રયોગો, નવીરા બંધુની રક્ષા સફળ હરી !
ના એ સતી જવલતીની દ્યુતિ રતિ માત્ર અંતે હા ! સુહાયિ રહી!!
કોણ૦ ૪

---

૪૨ ભરત-ભૂમિ-આશ્વાસન.

પદ.

રાગ ઠુમરી.

ભરત દુઃખિણી તું મુંઝા માં રે !
નથી દિધું સર્વસ્વ મેં બીજાને રે ! ભરત૦
તન મન ધન દિન ક્ષણ ક્ષણ કિધું અર્પણ

સંકલ્પે તુજ ચરણે રે !
ભવતુ ! સુતા સુત દૈવે દૈત્યે હર્યાં તારાં
ના આ પરાં મુખ આચરણે રે ! ભરત૦ ૧

કરૂં પ્રીતિ જે હું તો જેહું તારી સાથે નાના પ્રિયા માતા
પિતા સુત ના બંધુ રે !
ધારૂં ભક્તિ હૃદય ભરૂં સભર તું-માટે ઇષ્ટ દેવ
પૂજા પ્રકરણ તું સંધુ રે ! ભરત૦ ૨

જે બંધાઉં બંધાઉં તો બંધાઉં તું-માટે આ ધારે
સ્વતંત્રતા તજી દઉં રે !
જે વેચાઉં વેચાઉં તો વેચાઉં તું—સાટે
થઉં દાસનો દાસ અપમાન સહું રે ! ભરત૦ ૩

કોણ કોણ સ્વાર્પણ ના કરે તુજ માટે,
અરે અરે નિહાળી તું દયામણી રે !
એક કાલે શી ગાજંતિ સિંહણી, હરિ હરિ !
ગૌઆ કોણે કસાધ્યે ધીરવી હણી રે! ભરત૦ ૪

(૬૫)

૪૨ હિંદનો ઉષઃકાળ.

(રાગ પ્રભાત)

ઉઠતું, ઉઠતું, હિંદ જો પૂર્વમાં;
અંગના ભૃંગનો રંગ લાગ્યો,
અરૂણ ઉદય થયો રંગ બદલી ગયો;
ઘોર અંધારનો તોર ભાગ્યો. ટેક. ૧
પ્રાચી પીળી થઇ રાતતો વહી ગઇ,
ખિન્ન ચક્રોરને ચંદ્ર ભાસે;
ઉડુ સંતાય છે, ધ્રુડ ધ્રુજરાય છે.
પાણીનાં પોયણાં વિર્હ ત્રાસે. ઉઠતું૦ ૨
હંસ જો જાગિયા કામમાં લાગિયા.
જંગ જાપાનમાં જો મચાવે;
પેખ ઉદય ગિરિ દૃષ્ટિ ઉંચી કરી,
સૂર્ય ધીમે, ધીમે આમ આવે. ઉઠતું. ૩

નાગેશ્વર જેષ્ટારામ.

---

૪૩ હિંદનો ઉગતો સૂર્ય.

(આશાગોડી)

જુઓ જુઓ હિંદ ભાણ, જુઓ જુઓ ઉગે હિંદ ભાણ. ટેક
જળહળ જ્યોતિ પૂર્વ પ્રકાશે, ગાઓ સુરેન્દ્રનાં ગાન. જુઓ

કુસંપતિમિર આ ધીરે થાતું, દેશ-પ્રીતિ થકી દૂર. જુઓ.
દેશ-સેવાની સુરભિ મધુરી, બાલ-કુસુમે સોહાય. જુઓ.
નુતન કોમલ આર્ય મહિલા, જન્મભૂમિનાં ગીત ગાય. જુઓ.
દેશમંદિરે ભિન્ન ધર્મીઓ, વિસરન્ત ધર્મનું વૈર. જુઓ.
બોસ બોનરજી બુદ્ધદીનતા, આત્મા ઉજાળે પ્રાણ. જુઓ.
પુણ્યશ્લોકી રાનાડેનું, જીવન થતું રસ-પાન. જુઓ.
બંગ પંજાબીને દક્ષિણ ગુર્જર, આજ દિસે એકતાન. જુઓ.
દેશ-વેદિપર સર્વે થાયે, જાતિ-ભેદ અજાણ. જુઓ.
તનમનધનથી સર્વે ત્યાગી, કરતાં દેશકલ્યાણ. જુઓ.

સુબન્ધુ. બન્ધુસભાજ.

---

૪૪ ભરત—વીર—જાગૃતિ.

લાવણી.

નહિ બ્રાહ્મણ, નહિ ક્ષત્રિય, વૈશ્ય ન શૂદ્ર, આર્ય આપણ તો.
"स्वर्गादपि गरीयसी" જનની, ભરતભૂમિ બાળક હો!
વીરા જાગિ ઉઠો !
અરૂણ ઉદય અજવાળે,
વીરા ગાજિ ઉઠો !
ભાનુ પ્રેમ—શૌર્ય પ્રજવાળે ! વીરા૦ નહિ૦—ધ્રુવપદ.

અતિ જૂનું અતિ ઊંચું ઉદાત્ત શું નામ વડિલે ધરાવ્યું !
આપણથી જૂદા દસ્યૂએ—ચોર શું બિરૂદ ડરાવ્યું ?

નહિ નહિ જાતે જુદા,
માત્ર કર્મ્મ ગુણ કાળા !
નહિ નહિ મૂળે જુદા,-
માત્ર પશુ—વૃત્તિ વાળા ! નહિ નહિ૦ નહિ૦

ચાતુર્વાન, અસુરો, દૈત્યો, એ દાનવ, રાક્ષસ કુળએ.
યવન, મ્લેચ્છ, મૃદ્‌ગલો, તુરૂષ્કો, ભૂત, પિશાચ વિપુલએ,
સઘળા એના એ !
હૃદયથી આત્મથી હીણા.
દળવા એના એ !
છળવા પૂર્ણ પ્રપંચે ભીના સઘળા૦ નહિ૦

ઉચ્ચ નીતિથી, ઉચ્ચ રીતિથી, શુદ્ધ હૃદય, આત્માથી
પ્રકાશતા પરિપૂર્ણ સુધાંશુ શું તમથી ગ્રસાએ ? ક્યાંથી ?
દીવો દીપી રહો ! !
કળાથી કાં કુમળાએ ?
દેવો દિદીપી રહો ! !
અજેથી કાં ગુંગળાએ ? દેવો૦ નહિ૦

ધરતી કંપિ ઉઠી, તુટિ ભેખડ, ગુફા ફાટિ કચરાયાં,
સિંહ ને સિંહણ તમ ભાવિતર, પડયાં શરે વિંધાયા !
બાળકો ક્યાં રખડયાં,
દવ બળતો સઘળે !
તથાપિ એ સિંહ ખરાં !
તમે તે શું કકળે ? ! નહિ૦

દૈવ ભલે પ્રતિકૂળ, ભલે છે બળ સામર્થ્ય ઘટેલાં !
અવર સહાય ન સુલભ હવે છે ! કેસરી કદી લટેકાં ! ?
ના, ના, આપણુમે !
મદદ બીજા શું કરે ?
ના, ના. જુદ્ધ ઝુમે ?
પગલું એ પાછું ભરે ? નાના૦ નહિ૦

ભલે શિયાળો શ્વાસ બધેથી હાડ છેડ પામીને,—
કષ્ટે પુરેા કરે જન્મારેા, કાક કવળ પામીને,—
વાસી, ગંદાથી ખુશી !
એવું કયમ તમથી થાવું ?
હાંસિ, નિંદાથી દુઃખી,
રડવું, રિબવું કાં આવું ! ? વાસી૦ નહિ૦

બાહુમાં બળ રપુરી રહ્યું છે, મરતક તેજ ભભૂકી !
ભલે અગ્નિ ઢંકાયેા રાખે, સમય ન જરીય ચૂકી !
પવન પ્રબળો ફૂંકે છે !
આવરણ ખસી ગયું—
પવન પ્રસર્યો યુકેએ.
ધૂમ ધુંધવાટ રહ્યું ! પવન૦ નહિ૦

ઘેરાયા ચેાપાસ બંધાયા, શત્રુ થકી વિંટાયા !
બાહ્ય તથા અંતરથી દંધાયા, ભલે બધે લપેટાયા !
ત્યારે તેા બમણા ખિલેા !
સમરમા ઝાઝા ઝુઝેા,

ત્યારે તો તેમાં ઝિલો !
જખમ કરી લેઇ ઝુઝો ! ! ત્યારે તો૦ નહિ૦

વકારવા બીજાને પડશે વખાણવા એ અવરને-
અરદાવિયે શું તમને બળિયા કેસરિયા નરવરને ! ?
ચાલો ચાલો હવે ! !
દબી કાં રહેવું નકામું ! ?
છલંગે ઉછળો હવે
લાગ કયાં સુધી તકાવું ! ? ચાલો૦ નહિ૦

તમે તથાપિ ન નિજ કર્તવ્યે કુદી પડશો અ-ભાગ્યે !
જળ મુકયું હરિ ધર્મ જગતથી ઉડી ગયો વૈરાગ્યે !
આર્યપણું અસ્ત થયું !
હૃદય જખમી રહશે !
આર્યપણું નષ્ટ થયું,
રૂધિર અશ્રુ પડશે ! આર્ય નહિ૦

સ્વ હ. હ. ધ્રુવ.

---

૪૫ બહુતો સોહુ કેસરીયાં

રેખતો

હવે શા માટ કરૂં ભગવાં ! બહુ તો સોહુ કેસરીયાં !
રમું રંગે ! ધુમું જંગે ! સ્વદેશ પ્રેમને સંગે ! !
અમારી શૈલિ એ કેફની ! જટાએ એ વિભૂતિ બનિ !

અલખ આ દેશ, એહ ધુની, અમે એ જોગી જંગી મુની !
અરૂ તાદાત્મ્ય, એકાત્મ્ય, સ્વદેશોદ્ધાર—મહાત્મ્ય,
રમે હૃદયે, ધુમે સઘળે, નસે નસે લોહિ સાથે બળે !
હવે શા માટ નિરાશા, વૈરાગ્ય આદિ સૌ ફાંસા !
અમારી એહ હરિ લગની ભરત દુઃખાર્તિ ચિંતામણિ !
ઉદય જય રંગ, જસ ડંકા કરો ! ધુંમો મુની બંકા !
ન પાછા પાગ કંઇ ધરવા ! ઉદારો હાથ હિત કરવા !

સ્વ. હ. હ. ધ્રુવ.

૪૬ વીર ! જાગો જાગો રે.

(રાગ ખમાચ-ત્રિતાલ)

વીર ! જાગો જાગો રે.
હિન્દ રડત દુઃખથી હાય,
હૃદય તમ શું નવ ચીરાય ?
માત રૂદન કયમ ખમાય,
સુજન ! જાગો જાગોરે.

કાન્ત વદન કરમ્યું હાય,
અશ્રુ બનેલ ધુજત પાય,
કમર કઠિન નવ રખાય,
શો સજોરૂ વાગોરે.

છિન્ન ભિન્ન શી જણાય,
અનુપ ભાત હિન્દ હાય,
રાત દીન ક્ષીણ થાય,
તદપિ શું ન દાઝોરે.
રિબત ભાત કયમ ઉંધાય ! '
ભવ્ય મનન કરી સદાય,
અધમ દ્વેષ પટકી પાય.
હિન્દ સૌખ્ય સાધોરે.
રમ્ય દિવ્ય લેા ઉપાય,
યત્નમાં છેા જીવ જાય,
હામ તેા પ્રભુજી સહાય.
વીર ! જાગેા જાગેા રે,
વસન્ત વિનેાદી.

---

૪૭. ભરત વત્સલ વીરનાં કેસરિયાં.

૫૬.

રાગ હુમરી.

કેસરિયાં, કેસરિયાં, કેસરિયાં બન્યાં, લેાચનિયાં ઘેાળી ધૂમ લાલ
શાં બન્યાં ! ! કેસરિયાં૦ ધ્રપદ
કાં આ લેાચન લાલ રૂદને હું-કાજે, દાઝે દાઝે હું-દાઝે કાં એ
જળતાં ઘણું. કેસરિયાં૦ ૧

ક એ જાગરણે તલપતાં તલપતાં, રેણે રેણે નેણાં એ તણખા
ઝણતાં છણ્યાં ! ! કેસરિયાં૦ ૨

અથવા વિષમ-શર જર્જર કરતાની સાથે સમરે શું
કેસરિયાં કર્યાં ! ! કેસરિયાં૦ ૩

ભવતુ ! ગમે હેા, વ્હાલા ! લાગેા છેા સલૂણા હરિ ! હરિ મારે હૃદે
રંગેએ બણ્યા. કિસરિયાં૦ ૪

તપ એ તપેા છેા પ્રેમ, પંચાગ્નિથી અદકું ! હૃદયે આહુતિ દેખેાન
બિજા જણા. કેસરિયાં૦ ૫

સ્વ. હ. હ. ધ્રુવ.

---

૪૮ આર્ય પ્રજા પ્રબેાધન.

(સેારઠની ગઝલ.)

(જીને આપકુ જોયા નહિ-મનમેલકુ ધેાયા નહિ-એ રાગ.)

જાગેા જાગેા ભરતનાં બાલુડાં ! રણ રંગમાં ઝુલતાં ઝુલેા ! ! !
જાગેા જાગેા૦

ગયું તેજક્ષત્રીયનું કંઇ ! બ્રહ્મશકિત પણ સ્વપ્ને વહી !
વૈશ્યવૃત્તિ ઉજ્વળ કયાં હિપે ? કળા કાળ ખાઈ ગયેા જીુઓ
જાગેા જાગેા૦

નિજદેશ રક્ષણ કારણે, પરશસ્ત્ર શકિત અધિનપણે,

દીનદ્વામણું આપણે હવાં રે'વું કયાં સુધી કહો બંધુઓ ! ! !
જાગો જાગો૦

નિજ શસ્ત્ર અસ્ત્ર લિધાં ઝુંટી, નિજ વસ્ત્ર વસ્ત રહ્યાં લુંટી ! ! !
પરવશ પડ્યા ભુંડી બેડીએ દળદરતણિ ન તોડિશે ખુએ ! !
જાગો જાગો૦

આપ્યુ સુખ શાંતિ બ્રિટન વીરે ! તનમન ધન નિર્ભય ધીરે
કિધાં આપણા ! રાખી લાજડી ! તેથી ભૂખડી ભાગશે શું હો ! !
જાગો જાગો૦

નહિ નહિ, આળસુ ન રે'વું આપણે! આપ-મદદ શરણુ તતક્ષણે
ક્લેશ ચૂમવુ સુવિચારમાં દેશ ઉદય જેથી લલિત લહો ! ! !
જાગો જાગો૦

કસો કલમ કડક તલવારડી ! સજો વાણી તોપ બંદુક રૂડી !
પત્ર રંગ તંગ મેદાનમાં સભા નિડર રણમાં નિપટ ધુમો ! !
જાગો૦ જાગો૦

નથી વીંધવા નરરત્ન હા ! નથી વેહેરાવાં લોહી ઉન્હાં !
ખુન રેજિ રહિત લડત લડો ! ભિડો બંધુથી ! ન લહો શત્રુઓ !
જાગો જાગો૦

વીર શાંત રસ જે વિરોધિ છે ! સદા કાળ નાંહિ એકત્ર એ !
હાથે વાળો મેળવો એમનો ? રંગ જંગ જમાવિ ઘો ! ! !
જાગો જાગો૦

હ. હ. ધ્રુવ.

૪૯ ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજતું.

રાગ દેશની ધૂન.

'ઓ વીર વીરતા ધર અને ચૈતન્ય રૂપે રાજતું'
આવે ધ્વનિ કંઇ અવનવો આ દિવ્ય ચૈતન્ય ધામથી,
ગર્જી રહ્યો મુજ કર્ણ દ્વારે ભેદ તો અણુ ઓમથી.
નિર્ભયપણું કંઇ પ્રાપ્ત થાતું સત્વ દિલતું વાધતું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું? ૧

આજે અમારા ને અમે એ એમ મીઠો લાગતો,
મીઠો વહે આ પવન ભીનો એકતાને સાંધતો;
હસી વાધે પ્રેમથી ને દિલથી દિલ ભેટ તું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૨

જ્ઞાનભાનું ભભકતો અજ્ઞાન તમ ઘને નાસતું,
જડ સ્વાર્થ કેવળ નાસતો પરમાર્થ જીવન ભાસતું;
એકકેંદ્રે દિલ સહુ 'મુજ દેશ ને મુજ દેશી તું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૩

મૃત્યુ મૃત્યુ નહિ હવે એ મૃત્યુ તે મુજ સ્વાસ છે,
હું હાસ્ય વદને ન્યાળુ એને મૃત્યુ વિશ્વ વિલાસ છે;
સ્વાર્થ નહિ ને મૃત્યુ નહિ જે જીવને દૃઢ બાંધ તું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૪

ગંગા યમુનાનો સુસંગમ હિંદુ ને ઇસ્લામનો,
વહેતો પ્રવાહ એક જીવન શુદ્ધ ભારતવંશનો;

તે ભેદી નાંખે ભિન્નપણું જે માર્ગમાં અવરોધ તું.
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૫

આ નાદ ગંભિર ગૂઢ ઘન શું નાદ પ્રલય ઉદ્ભવે,
શું રાત્રિ ભારતવંશની વીતી દિવાકર ઝંઝહળે;
વળી સૃષ્ટિ નૂતન ઉદ્ભવે શું સત્વ નૂતન જામ તું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૬

એક ભાનું કોટિ કીર્ણું ભોંયતો ત્રિસ કોટિને,
કે એક આત્મા ઐક્ય છે જ્યમ બિંબ કોટિ કીર્ણને;
જે મિલન ઐકયે સ્ફુરણ ઐકય જીવન જાણ તું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૭

જો જો પતાકા ઉડતી આ વિજયની દશ દિશમાં,
દેખે સ્વદેશી વિરલા છે હિત જેનું દેશમાં;
છાપે હૃદય પટ પ્રેમ ભીના જાણ દિવ્યજ બાળ તું,
ઓ વીર વીરતા ધર અને ચૈતન્યરૂપે રાજ તું. ૮

કીરપાશંકર બેચરદાસ.

---

૫૦ શૂરા શાભદ હો !

(લાવણી.)

એક વાર મેદાન પડ્યા રણ ચહડ્યા કે ધુમવું ધુમવું !
અંગત રંગિત ઉમંગથી શિરશત્રુ ઝુમવું ઝુમવું !
શૂરા સામદ હો! એકવાર.

શરમ શાનિ સ્વદેશ સેવામાં? મુરવ ત્યા કામની શી ?
પ્હેલ પેલો કરે, પ્હેલ બિજો કરે, એ આશા કામની શી?
શૂરા સામદ હેા એકવાર૦

હવે મુકયા ઘરબાર પછાડી, પ્રિયજન પાછળ મૂકયા;
જગત જંજાળથી આગળ ચાલ્યા, સ્વર્ગરણાંગણ ઢુકયાં.
શૂરા સામદ હેા ! એકવાર૦

હાથીના દંતૂશળ ઉજ્વળ નિકળ્યા શું પાછા પેસે ?
એકવાર પગ રોપ્યો રણે તે હઠિ શું અપજસ લેશે ?
ના, ના, શૂરા હેા ! એકવાર૦

ભલે ભગીરણ-પ્રયત્ન કરવો ! ભારતરણ ભલે તરવું !
રણયજ્ઞે આ દેહનિ આહુતિ દેવી તે ભરવું ઉગરવું !
શૂરા સામદ હેા ! એકવાર૦

ક્ષત્રિય પૃથ્વી શા માટે પરશુરામે કીધી ?
તો અમરૂધિર ગળત હૈયાની મૈયાની લજ્જા લીધી !
શૂરા સામદ હેા ! એકવાર૦

શું ન ધ્રુંધાં ? નથિ રે'સ્યાં આપણાં કૂમળાં બંધુ બિચારાં ?
હ્હે મયવન એ લોહીનો તરસ્યો ભક્ષે ન સાંજ સવારાં ! ?
શૂરા સામદ હેા ! એકવાર૦

બ્રહ્મ થવા કૌશિક વસિષ્ઠ શું ? "સૌ સરખા લહેવાતા"
ગૌતમ બુદ્ધ ધુમ્યા હરિ ત્યારે ધુમે ન ભુમિ છોડાવા ! ?
શૂરા સામદ હેા ! એકવાર૦

સ્વ. હ. હ. ધ્રુવ.

૫૧ # વીર હાક.

૪૨ ફર કરતી ધર્મ ધ્વજ ઉડતી આકાશે,
ગરમ રૂધિરનો વેગ વીર નાડીમાં વ્યાપે;
સ્વદેશ સેવા શૌર્ય ઉછળતું પૂર વહે છે,
સ્વાર્પણનો છે યજ્ઞ, નિમંત્રણ શુરવીરને છે.

સાખી—લોભ, મોહ, મત્સર તજ્યાં,
તજી ભેદ સઉ ભાત;
સ્વદેશ હિત માટે થયા,
ભરતવાસી સઉ ભ્રાત.

ભરતવર્ષી ભવ્ય ઝલક બતલાવો જગમાં,
ભારતવર્ષી પ્રેમ શૌર્ય પ્રકટાવો હકમાં;
વિશાળ દિલ દરિયાવ ઉછાળો નવલ તરંગે,
ધસો ધસો! આ સ્વદેશી કેરા અદ્ભૂત જંગે.

સાખી— બુદ્ધિ ઢાલ કરે ધરી,
ન્યાયતણી સમશેર;
સ્વદેશ સેવા આદરી,
એક બની દશમેર.

એક દીક્ષ, એક રાગ બન્યું છે જૂથ બહોળું,
મચ્યો ગામલો મહા, એમ શુરવિરનું ટોળું,
વદો વદો—"જય સ્વદેશ, ને જય સ્વાર્પણનો" ને
વદો—" દેશ મમ આ, હું પર હક સ્વદેશનો છે."

સાખી— હુંપ: અર્પણ હિંદને,
ભક્તિ ભારતવર્ષ,
સ્વદેશીની સેવા વિશે.
હૃદય હૃદય છે હર્ષ.

રસિક.

---

૫૨ વીરની વીદાય.

મ્હારા કેસરભીના કન્થ હો !
સિધાવો જી રણવાટ. ટેક.

આભ ઘેરે, ધરણી ધમધમે, રાજ !
ઘેરા ઘોરે શંખનાદઃ
દુંદુભિ બોલે મહારાજનાં, હો !
સામન્તના વીરવાદઃ
મ્હારા કેસરભીના કન્થ હો !
આંગણ રણધ્વજ રોપીઓ હો !
કુંજર ડોલે દ્વારઃ
બંદીજનોની બિરદાવલી હો !
ગાજે ગઢ મોઝારઃ
મ્હારા કેસરભીના કન્થ હો !
પુર પડે, દેશ હુલતા હો !
હગમગતી મ્હોલાતઃ

કીર્તી કેરી કારમી, રાજ!
એક અખંડિત ભાતઃ
મ્હારા કેસરભીના કન્થ હો !
નાથ ! ચ્હડો રણઘોડલે રે,
હું ઘેર રહી ગૂંથીશ
બખ્તર વજ્રની સાંકળી હો !
ભર રણમાં પાઠવીશ
મ્હારા કેસરભીના કન્થ હો !
સંગ લેશો તો સાજ સજ્યું હો !
માથે ધરૂં રણમ્હોડઃ
ખડ્ગને માંડવ ખેલવાં,
મ્હારે રણલીલાના કોડઃ
મ્હારા કેસરભીના કન્થ હો !
આવતાં ઝાલીશ બાણને હો !
ઢાલે વાળીશ ઘાવઃ
ઢાલ ફુટે મ્હારા ઉરમાં, રાજ !
ઝીલીશ દુશ્મનદાવઃ
મ્હારા કેસરભીના કન્થ હો !
એક વાટ રણવાસની રે,
બીજી સિંહાસનવાટઃ
ત્રીજી વાટ શોણિતની સરિતે,
હો ! શૂરના સ્નાનનો ઘાટઃ
મ્હારા કેસરભીના કન્થ હો !

જયકલગીએ વળજો, પ્રીતમ !
ભીંજશું ફાગે ચીરઃ
નહિં તો વીરને આશ્રમ મળશું,
હો ! સુરગંગાને તીરઃ
મ્હારા ! કેસરભીના કન્થ હો !
રાજમુગટ ! રણરાજવી ! હો !
રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડીલો થનગને, નાથ !
વાધો રણે, મહાવીર !
મ્હારા કેસરભીના કન્થ હો !

પ્રેમભક્તિ.

---

૫૩ ## કૂચકદમ.

(Soldier's chorus from Faust: એ રાહે.)

બંધૂઓ કૂચ કદમ ઉઠાવ,
ઊમંગે દમ બદમ મીલાવ;
મેદાને દમામથી ચલાવ,
વિજયહીન્દ જનનીનો ધમો-ગજવો;
મસ્તાની દેશ બાળકો,
મર્દાની શર સહુ થજો;
વિધાનું દુઃખ દીપાવજો,
અમર બાળ ! સરલ ધર્મ એ ધરશે;

ઝૂંડાઓ સત્યના ઝૂકાવ,
ઠંકાઓ બંધુતા બન્ધવ;
બંદાઓ ! દેશ ભક્ત થાવ,
જનની હીન્દ દેવને સ્મરજો.

લલિત.

---

૫૪ વસુંધરાના વીર.

અમે તો વસુંધરાના વીર
અમારો ધર્મ થવું રણધીર
લાડ ઘેરી જનનીના જાયા લાડકવાયા લગીર
શીર છત્ર શંકર વિભુવરના અમે કુમાર સગીર
ત્રિવિધ તાપથી સિદ્ધ અમારા ઉદ્દીપક ઉરનીર
ઝલકભરી પીડા હરીપરને પ્રિય કરીયે નરવીર
આત્મ ઉજ્જસભર્યું આશાઅળ ધુમ્રવે અમ ગંભીર.
લહરીમય ઉછળીયે વિહરીયે બની સ્થિર ધીર સમીર.

લલિત.

---

૫૫ સાચના સીપાઇ.

અમે સાચના સીપાઇ:
અમે સાચના સીપાઇ:

સાચ અમારી તરવારેને
સાચના બાંધી *સવાઇઃ
અમે સાચના સીપાઇઃ
સાચ અમારા લહડાઇયા,
તે લહડશે સાચ લહડાઇઃ
શુણો અમારાં બ્યૂગલ વાગે,
સાચની હાક છવાઇઃ
અમે સાચના સીપાઇઃ
જૂઓ, અમારી ધજા ફરફરે,
સાચની લહરો વાઇઃ
જમે સાચનું લશ્કર સઘળે,
આવો તમેય ભાઇ!
અમે સાચના સીપાઇ.

નહાનાલાલ દ૦ કવિ.

---

૫૬ સ્વદેશ ભક્તિ.

(રાગ-મીરાની કાફી.)

સ્વદેશની ભક્તિ રે, કે કોઇ વિરલા જાણે,
સ્વતંત્રતાના રસની રે,
લહેજત કોઇ પરમાણે.....ટેક,

---

* ગાદ્દી લોકોની લસ્કરી પાઘડી,

* * * *

ત્રણે પદાર્થ છે દેશ ભક્તિમાં,
ધર્મ અર્થ વળી કામ;
સ્વદેશ ભક્તને દેશની પ્રીતિ,—
મોક્ષ એ, સુખ કેરૂં ધામ;
કે ૩ચે નહિં બીજું રે,
ભરત એ દેશ અભિમાને.....સ્વદેશની૦
માટે સ્વદેશીઓ બંધુ મા'રા,
ધરી અંતર આ ઉપદેશ,
ભરતભૂમિ પામી ઉદય દિનોદિન,
ઉજ્વળી રહે હમેશ.
કે એમ કરો ઉદ્યમરે,
ચુકો ન ચોટ નિશાને.....સ્વદેશની૦

સ્વ. ઉ. હ. ધ્રુવ.

---

૫૭ સ્વદેશદાઝ.

' Breathes there a man with soul so dead '

(ભાષાન્તર.)

(રોળાવૃત.)

છે શું કોઇ માનવી, જીવનો અચેત એવો,
જેને નથી જાગિયા કદી યે મનમાં ભાવો,
જેણે કદી એહવું અન્તરે કર્યું નથી કે,

આ મ્હારી ખુદ, મ્હારી, મ્હારી આ માતૃભૂમિ છે !
ભમી ભમી પરભોમ કિનારે પ્રવાસી જ્યારે,
નિજ પગલાં નિજ ભોમ ભણી તે વળતી વાળે,
જરા, કદી એ ઘેર જવાને અમુલખ અવસર,
છે શું કોઇ એહવો દાઝયું નવ જેનું અન્તર !
જે એવો કો હોય, જાવ ને નિરખો તેહને,
કદી ય એવા કાજ બિરદ કવિનાં નહિ ગાજે,
હો મ્હોટા ધલકાબ નામ હો મહાન એનું,
પરિપૂરણ કામના, ભલે હો અઢળક નાણું;
એ ધલકાબો છતાં, છતાં સત્તા ને પૈસો,
એ પામર નીચ જન્તુ, જગત બધું નિજમાં જોતો;
આ જીવન માંહિ તો સુકીર્તિ સઘળી ખોશે,
પડી મૃત્યુમુખ નામાનશાન સમેતો જાશે;
જે માટીનો હતો તે જ હીણી માટીમાં,
વણકીર્તિ, વણશોક, ગવાયા વિના ગીતોમાં.

પ્રેમલિકત.

---

૫૮ જીવે શું હિન્દમાં એવા ?

(સદા સંસારમાં સુખ દુઃખ સરખા માની લઇએ)
એ તર્જ.

જીવે શું હિન્દમાં એવા કો મુદાત્મા હરામી !
ન બોલ્યા મુખ " મારો દેશ આ મુજ માતૃભુમી "–જીવેશું !

ઝાકળના મોતી સમા જીવો તે કંગાલ,
હાલ્યા આવ્યા ગયા ક્ષુલ્લા પથ્થરવત ક્ષુભાર,
ખરંતા પીપળાનાં પાંદડાંની પેઠે એ તો.
કીડી અંકોડીના સમાન કાય તે નકામી--જીવે શું !
હોય ખેતાએા હો ઘણા અઢળક ધન ભંડાર.
લુખ્ખી કીર્તિ હો ભલે મૃગ જળવત નભનાર.
મળે તે માટી નીચે જે થકી અવતાર ધર્યા.
ફરે ઘાણી તણા જ્યમ બેલ ફેરા અંધ પામી-જીવે શું !
તેનાં મૃત્યુ પાછળે કોઇ ન રડતી આંખ.
જીભ ન ગાતી નામને માન તણી નહિ ઝાંખ.

મહારાણીશંકર શર્મા.

---

૫૯ તેજ સ્વદેશાભિમાની.

(સોરઠા.)

જન્મ ધર્યો જે દેશ તન મનથી તેને ધરો;
વિસારશો ના લેશ સ્વર્ગ જતાં સંભારજો.
જોજન લાખ મહાસાગર પારે થજો;
સતના રાખો શાખ વસતા આપ વિદેશમાં.
આ છે મારો દેશ જન્મ ભૂમિ છે માહરી;
ચિતમાં હોય હમેશ દેશ ઉદય દ્રષ્ટિ ધરે.
દેશ દુઃખે દુઃખી જેહ દેશ સુખે સુખિયો થશે;

શાણા સહુમાં તેહ દેશ હિતે તન ધન તજે.
પ્રભુ ભક્તિ પણ એજ દેશ ભક્તિ દીલમાં ધરે;
નામ સ્મરણ પણ તેજ દેશ દેશ દીલથી જપે.
ન જપે મન કૈલાસ નહિં અક્ષર વૈકુંઠને;
થઇ દેશનો દાસ તુચ્છ ગણે સુખ સર્વને.
બ્રહ્મા વિષ્ણુ મહેશ દેશપતિને જાણશે;
વખણાશે તે વેશ રાજ્યભક્ત થઇને રહે.
તન મન ધન કુરબાન સુત નારી સુખને તજે;
ગુણિજન કરશે ગાન ધ્યાન ધરે ધરણીપતી.
ફટ જનની ફટ જાત તાત ગણે ધિક્કાર તે;
રાખી જગમાં વાત દેશ દ્રોહિ જે કો થયે.
અમતા મોટપ માન દેશતણું દીલમાં ધરે;
તનમાં આવે તાન શુણતાં દેશ વડાઇને.
ખરૂં ગણે નર ધીર દેશ તણાં અભિમાનને;
વખણાયે ના વીર અન્ય હોય અભિમાન તે.

કૃપાશંકર ઝીણાભાઇ

---

૬૦ સ્વદેશ પ્રેમની પરાકાષ્ઠા.

લાવણી.

કોણ હશે એવો અવગુણિયો તેજ નિજ માતની સેવા ન કરે ?
પ્રીતિ ભક્તિથી.

રોમ રોમ પ્રતિ બિંદુ રકતનું એના કણથી બન્યું ખરે.
પ્રીતિ ભક્તિથી. ૧

નથી નથી આ બાત નકારી! નીચું જોવું જેથી પડે નામ કામ નાથી.
નામ કામ નાથી.

સદય હૃદય પ્રેમાળ ભક્તિ પર સદા ઉચ્ચ અભિલાષ વડે
નામ કામ નાથી. કોણ હશે૦ ૨

રસે રસ્યાં, સૃંગાર, શાંત, કે વીર બાળ પુરૂષાર્થિ ઘડ્યાં.
કો નવરિ ઘડીએ.

મહાકાળના પ્રબળ પ્રવાહે અસીમ નટ તે નામ જડ્યાં
કો નવરિ ઘડીએ ! કોણ હશે૦ ૩

પૃથુ, પ્રહ્લાદ, એ રામ, કૃષ્ણ, ધ્રુવ, શીબિ, બલી, કર્ણ, પ્રતાપ, તણી
આમ ભરત ભૂમીએ !

જનની એ જન્મ ભૂમી સ્વર્ગથી ગરીયસી ન , ચહું કેમ ધણી.
આમ ભરત ભૂમીએ ! ૪

સ્વ. હ. હ. ધ્રુવ.

---

૬૧ સ્વદેશ કર્તવ્ય.

કર્તવ્ય શું છેરે જનોનું સ્વદેશ માંહી.
ખાન પાન અને ભોગ વિલાસના રંગમાંહી રંગાવું
કીર્તિ અને ધનના ઢગ ધારણ કરવે નીત્ય પગલું
કર્તવ્ય એ શું ભાઇ ?
કર્તવ્ય શું છે રે જનોનું સ્વદેશ.

સંસારને ગણી માયાની જાળને તેમાં પડયે પસ્તાવું,
વિરાગી બનીને ત્યાગી સરવે જંગલમાં જઇ વસવું;
કર્તવ્ય એ શું ભાઇ?
કર્તવ્ય શું છેરે—
નહિ કદી નહિ આ અને એવું આવે કર્તવ્ય ક્ષેત્રમાં
સ્વારથને નિર્બળતાતણું એ લક્ષણ જાયે પેખ્યામાં
કર્તવ્ય એ નહિ ભાઇ
કર્તવ્ય શું છેરે જનોનું
સ્વદેશને નીજ ગોત્ર ગણીને દેશી સહોદર જાણો
સ્વદેશ સુખની સિદ્ધિને સરવે કાર્યનો હેતુ પ્રમાણો
કર્તવ્ય એ છે ભાઇ
કર્તવ્ય એ છેરે જનોનું સ્વદેશ ભાંહી
સ્વદેશનાં સુખ સંપત સારૂ તનમન ધન અરપીએ
સુખ સ્વદેશનું સુખ સ્વદેશનું મંત્ર એ હરદમ જપીએ
કર્તવ્ય એ છે ભાઇ
કર્તવ્ય એ છેરે જનોનું સ્વદેશ.
જાગો વીરો ઉઠો થાઓ તત્પર કરવે આ કર્તવ્ય
સહો વિઘ્નો એ વિદારો એ ધૈર્યે સંપાદો સંપત્ય—
કર્તવ્ય એ છે ભાઇ
કર્ત એ છેરે જનોનું સ્વદેશમાંહી

ડાહ્યાભાઇ બાળકૃષ્ણ બી. એ.

૬૨

માડીની ઝુંપડી

ધીરાનું પદ.

દુખિયાંનો વિસામો રે, માડી તહારી ઝુંપડી.
રણવગડાનો છાંયો રે, આંધળીઆંની લાકડી.
કુંજ નિકુંજે લચી વલ્લરી, નિઝરીઆં સંતાય,
અમલ કમલ દલ પર પંખીડા, બ્રહ્મલીલાને ગાય.
રઢીઆળી એ વાડી રે, સોહવતી જે ઝુંપડી.
આજે ખાવા ધાતી રે, નિર્જન રણમાં ઝુંપડી. દુખિયાં.
ધર્મ કર્મ રસ કસ લૂટાયાં, ઘર ઘરવખરી હીર.
છતી સંતતિ સત્વ લુટાયું ખેંચાયાં તુજ ચીર.
લુટાતી એ માડી રે, ખાલી તહારી ઝુંપડી.
ખાલી તોયે મ્હારી રે, માડી તહારી ઝુંપડી. દુખિયાં.
ઘન સંધી ખેતર સૂકતીયાં દત્ત પ્રેયો ચોપાસ,
ચાતી વિશ્નુની આંખડી દેખી, પંખીડાં પામે ત્રાસ.
તેને સોડે સ્હાતી રે માડી તહારી ઝુંપડી.
પોષણીઆં શી પાતી રે આંબી જાડી રાખડી. દુખિયાં.
વન વીંટયાં સીંચાણે સઘળાં, અવશ પડયાં તુજ બાળ
ઠામ ઠર્યાંને હડપૂત કરીને, રણ વગડે દે માર
અંકે લેવા ધાતીરે, તેને માતા રાંકડી
શીળી છાંયે છાતીરે, માડી તહારી ઝુંપડી દુખિયાં.
ચણુકણ કાજે વન વન વીંઝે, તુજ બાલૂડાં પાંખ
પણ સુખ દુઃખનાં હલાણાં લેવા, ફરતી તુજપર આંખ

અંતે તું સંધરતી રે, માતા મ્હારી દુખણાં
પ્રભુનો પથ દાખવતી રે, માડી તુજારી ઝુંપડી દુખિયાં૦
તુજ જીવન મમ તું સર્વસ્વ, તુજ સુધાનો સાર
મૂર્તમતી વત્સલતા દેવી, તું સુરલોકનું દ્વાર
નંદન વન શી વ્હાલી રે, અમને તુજારી ઝુંપડી
જન્મ ભૂમિ વ્રત પાળી રે, શણગારી તુ ઝુંપડી દુખિયાં૦

—અવાભાઈ એસીયંદ, પટેલ.

---

૬૩ ધન્ય જીવ્યું જગમાંય

(મ્હારો સાથીડો રીસાયોરે કોણ મનાવા જાય, એ રાગ)

મીઠી દેશની સેવા માનીએ તે ધન્ય જીવ્યું જગમાંય,
પરખ્યું સૌ સુખ દેશ પછાડી પ્રીતે નમીએ તેહને પાય.
સ્વાર્થ પાન લઘુ વિષ હલાહલ નહિં સ્વપ્નેય પણ ભાન,
રોમ રોમ' ને રક્ત અણુમાં કેવલ દેશનું તાન
તેહને નમીએ નીચાં પાય. (૨) મીઠી૦

" દેશ ભક્તિસૂર વસન્તવેણું કોકિલ મંજુલ ગાન, "
અચલે વિમલે અન્તર લહી આ ઝુકવે ઝુમવે પ્રાણ.
નમીએ શતધા તેહને પાય. (૨) મીઠી૦

દેશોદ્ધય ગિરિપન્થ વિકટ અતિ તદપિ ભડ ભીમ હામ,
સતત ફૂદે મન " દેશ રડે ત્યાં ધિક્ લીધો આરામ. "
નીશદી નમીએ તેહને પાય. (૨) મીઠી૦

દેશ તાત પીડાતો ભાળી હૈયું ગળી જાય.
આત્મત્યાગે પણ દેશ ઝળળ્યા ધર્મ નિધિ ગજવાય.
તહેને નમીએ લળી લળી પાય. (૨) મીડી૦
દિવ્યાત્મા હો! પુઝર્ગ *દાદા ! સોંપી દેશને કાય,
" અવિચલ આયુ આપો જગપતિ " વિનતિ નમ્ર સદાય;
તહને તો પળ પળ નમીએ પાય. (૨) મીડી૦

વસન્ત વિનોદી.

પ્રેમોન્મત્ત.

(હું મસ્તાની પ્રેમની અને કોઇ ના છેડાવે, એ રાગ)

હું દિવાનો દેશનો મને કોઇ ન સતાવો,
હોય જે મારા સમા-મારી કને આવો.
હું દિવાનો૦ ૧

તોતા અને કૌવા મણી મુજ સિર ન પકાવો;
હા,પણ બતાવીને વૃથા મુજ દિલ ન દુખાવો.
હું દિવાનો૦ ૨

હોડી વિના સિંધુ તરો હિમત ન હઠાવો;
હથીયાર વિણ ઝુઝી શકો તો સંગ સિધાવો.
હું દિવાનો૦ ૩

વિણ પાંખ ઉડવુ આદરી પર જેહ ઉડાવો;

---

* દાદાભાઇ નવરોજજી.

તે હું દિવાના સાથ સહુ નિજ હાથ મિલાવો.
હું દિવાનો૰ ૪

પકવાન ખાવાં હોય તો તમ મુખ છુપાવો;
ને અગ્નિ ખાવો હોય તો પતરાળી નંખાવો.
હું દિવાનો૰ ૫

ઢાંકો તમારૂં મુખ ચહો ને લોભથી લલચાવો.
જે હોય દિવાનો તે બનો મુજ સંગમાં બાવો.
હું દિવાનો૰ ૬

સુખ આશ કેરા પાશ બાળી ખાખ લગાવો;
ભીતિ જલાવો ભઠ્ઠિમાં આ દેશ જગાવો;
હું દિવાનો૰ ૭

નવ પાંઘડીનો પ્રેમ ધારી શીષ નમાવો;
નિજ પ્રાણ અર્પો દેશને નવ નામ ગુમાવો.
હું દિવાનો૰ ૮

નીરાંત કેરી રાતમાં નિદ્રા નહિ લાવો;
ઝળગરે આનંદ માનો તો તમે ફાવો.
હું દિવાનો૰ ૯

+ × × × + ×
* * * * * *

શય્યા ચહો ને પુષ્પની તો ન્હોય ન બતાવો;
સુવું હોય શર શય્યા પરે તો દોસ્તીનો દાવો.
હું દિવાનો૰ ૧૦

ઘસી પાય મરવું હોય તો તમ ધામ સુહાવો;

લણવી અમરતા હોય તો ક્ષેત્રે જીવન વાવો.

હું દિવાનો૦ ૧૧

એ દેશનો સંદેશ ને આદેશ છે આવો;
તે રસ સદા હે સંધવી ! પીવો અને પાવો.

હું દિવાનો૦ ૧૨

(ન. પુ. સંધવી.)

૬૫ જનની સેવન.

(કામણ ઢીસે છે અલબેલા તુહારી આંખમાં રે, એ રાગ.)

જનની સેવનનો મધુમધુરો અવસર કયાં મળે રે,
અવસર કયાં મળે રે, જગજીવ્યું ફળેરે.—જનની૦
નવનિધ લાડે નિશદિન ઝુલ્લવે,
ઉરહીર પાતી હૈયે હુલ્લવે,
અલ્પ સાટું પણ અમિત ભારનું કયાં વળે રે.—જનની૦
પ્રભુપુર ગૌરવ વદને મલકે,
મંજુલ મોહક અંતર ઝલકે,
નવ નવ સાજે શીખ દે સાને પળે પળે રે.—જનની૦
ઉત્તમ શોણિત જનની કાજે,
રેણાયે શું વધુ કે'વાશે,
કિસ્મત કયાંથી ભારતી હીત કાયા ઢળે રે.—જનની૦

વસન્ત વિનોદી.

૬૬ ભરતખંડનું યશોગાન.

ભરતખંડના વીર પુરૂષનું

હૃદય ધબકજો ઢળાં ઢળાં,
હૃદય ધબકજો ઢળાં ઢળાં !
આકુળ વ્યાકુળ બને અરેરે,
સંતાપે થઇ ગળાં ગળાં —ભરત૦

કયાં કીર્તિવંત શુભ કોટ રામ લક્ષ્મણનો?
કયાં પાંડવનો શુભ પ્રતાપ સમરાંગણનો !
કયાં પળે બોલ રજપૂત વટેલા પણનો ?
ઓ અરે અરેરે અરે અરે આ મારૂં
કહળીને ધણનો

રોમ રોમમાં ઉઠે કાતરો,
વ્યાપે વિષ હળાં હળાં;
પથ્થર રડતાં હૃદય વજ્રનું,
ચુરો બને છે બળાં બળાં —ભરત૦

કયાં બ્રહ્મચર્ય ? આર્યત્વ મૂળ કો પાળે ?
કયાં પતિવ્રત્તા ? એ તર્ક મમ હૃદય બાળે !
કયાં સંપ આર્યનો ? ધર્મ કોણ સંભાળે ?
કો શુરવીર પેદા થાઓ

ભીરૂ બન્યા શું ક્ષત્રી આજના,
કયાં ગઇ લક્ષ્મી છળાં છળાં,
ચીરે હૃદય ને કળમળતું ઉર,

ક્યાં વૈભવ એ ઝળાં ઝળાં. —ભરત૦

ફરિ કર્મકાંડ આરંભ, વીર ફરી થાઓ,
ફરિ નિવૃત્તિમય પ્રવૃત્તિ વિશે લોભાઓ,
આ ભરતખંડનું યશોગાન ફરિ ગાઓ.
ફરિ વિજય વાવટા ફરકાઓ.
વિષય વિશે લપટાઈ રહ્યા શું,
ક્યાં ગઇ એ સહુ કળાં કળાં;
હામ ધારોને ! કામ કરો તો !
હજુ વખત છે વીર પુરૂષનાં
ખેતર પાકે ઝળાં ઝળાં —ભરત૦

કૃષ્ણદાસ નરસિંહદાસ

---

૬૭ પુરાતન આર્યબાળકનું હાલરડું.

(ઓલો મ્હારા પ્રેમી પોપટજી બોલબોલો. એ રાગ.)

હાલો હાલો હાલો સુવીર બાલ હાલો,
હાલો હાલો જનિતા ઝુલાવે. (ટેક.)
હાલ મારા લાલા, સુધીર કુંવર કાલા,
હાલો હાલો સુહેતથી હુલાવે.
ભાઇ તું સ્વદેશભક્ત જન્મથી થયો છે.
શૌર્ય ધૈર્ય ધર્મ પૂર્ણ તુજમાં રહ્યો છે,
વૃથા જ્ઞાનભક્ત ને વિરાગ તુંમા ના'વે— હાલો. ૧

* * * *

જન્મી આર્ય ભૂમિમાં રમીશ આ ભૂમીમાં,
હૃદય પટે કોતરો સ્વદેશનો મહીમા;
અન્ય પ્રજા આ જીતને તેથી ના ડગાવે– હાલો. ૨
સ્વદેહભાન ત્યાં લગી સ્વદેશ તાન સેવો,
નિકર તો ગુલામીથી ગંધાય જ્ઞાન મેવો;
કાયરતા કાંકરો વિરાગ મણિ શું કહાવે?– હાલો. ૩
બ્રહ્મભાસ થાતાં સ્વદેહભાન જાતાં,
સેવજે સન્યાંસવૃત્તિ બ્રહ્મમાં વિલાતાં;
પ્રથમ ' વિજયવર ' ઉચ્ચારિ દેશને દિપાવે– હાલો. ૪
બાર સૂર્યને અસંખ્ય સૂર્યવીર ઓપે,
આપણા સ્વદેશની સુવિજય ધ્વજા રોપે;
સુયશ ગાઇ સંઘવી વસુંધરા ગજાવે— હાલો. ૫

ન. પુ. સંઘવી.

---

૬૮ ભારતી સ્ત્રી ગીત.

(ગરબે રમવાને ગોરી નીસર્યાંરે લોલ એ રાગ.)

ગરબે રમવા, સાહેલી ! સાંચરોરે લોલ,
ભારતી મંદિર ચારૂ ચોક પ્રીતિથી પૂરોરે લોલ;
આવો બ્હેની ! ગીત રંગ રેલીએરે લોલ. ટેક.

સાખી—શરદપુનમ રજની ખીલી, અનિલ સુરભ મલકાય,
ચંદ્રામુખ નંદન શીળી સ્મિતી લહરી લલકાય:—

ક્ષલિત ગુર્જરીનું હિત શૂંના ભાળિયે રે લોલ !
સખી ! સ્વાર્થે એને કાજ શૂંના છાંડિયે રે લોલ ?
સખી ! સમય આવે પ્રાણને પણ પાડિયે રે લોલ !

વસન્ત વિનોદી.

---

૭૦ હિન્દનું ઉગતું પ્રભાત.

(ભૈરવી ગઝલ.)

ઉઠો દેશી ઉઠો સર્વે, હવે નિદ્રાથી જાગોરે !
ઉપર શો ભવ્ય આકાશે, સજ્યો તેજસ્વી વાગોરે ! ઉઠો.
નથી આ કાળ સૂવાનો, ન ગાંજા ભાંગનો માનો !
કરે કિલબિલ બધે કેવા, જુઓ કાળાજ કાગો રે ! ! ઉઠો.
પવન પશ્ચિમ તણો લ્યારે, તમાચો આવીને મારે;
તમારે મન ગુલાલે શું મુખે દે એમ ફાગો રે ? ! ઉઠો.
પડી રહી ખાટમાં પ્હોળા, શું ફેંકોછો ગરપગોળા ? !
ઉઠો ! જાતે કમર કસીને, સ્વદેશે કામ લાગોરે ! ઉઠો.
નથી લ્યાં એશી હસવાનું, નથી લ્યાં પેટ કસવાનું !
તમારી નીંદમાં ભાઇ, થયો ભવ સર્વ નાગોરે ! ઉઠો.
તમે અંધારમાં પડીઆ, વિચારો સ્વપ્નમાં જડિયા !
જશે તે સ્વપ્ન અંધારે, નહીં જો તેજ માગોરે ! ઉઠો.
જુઓ રવિનાથ નિજ કરથી, પ્રસાદી જાય દેતો થી !
તમે સાવ રહી ખોશો, ભલા, આલસ્ય ત્યાગોરે ! ઉઠો.
ગરીબડી હીન્દને દ્વારે, ધુસીને કાળ કર મારે;

કુદીને મારી કહાડીએ, સ્વદેશી દુઃખ ભાગેારે ! ઊઠેા.
તમેા આ હિન્દના જાયા ! તમેા નહિ જ્ને ધરેા માયા,
બિચારી કયાં જશે તેાએ ? થશે સુખદિન આધેારે, ઉઠેા.
ઊઠેા ત્યારે બનેા શૂરા ! ઝુઝીને પ્રેમથી પૂરા ! !
સુણાવેા હિન્દને મધુરા, અદ્વૈત જયકાર રાગેારે ! ઊઠેા.

અરદેશર ફ. ખબરદાર.

---

૭૧ અમે કેાણ.

(બિહાગની ધુનમાં)

જનેતા જન્મભૂમિને પિતા પ્રભુ અમારે;
મીઠાં માબાપની સેવા સહેાદરને અમારે.
મમતાં ભર્યાં મૈયા પિતા પ્રેર્યા રસાયન રેલીયે ?
ચલલી ચમક કંઇ ઓર ઉજ્વલ આત્મબળ બહલાવીયે!
જનેતાનાં દુધડીયાંથી થવું ' દુધમલ્લ ' અમારે
પિતાને છત્ર પ્રકટે આત્મ ધુમટ કંઇ અમારે
સંસાર સુંદર સારમથમાં ડેાલીએ ડેાલાવીયે?
ઉલ્લાસમાં રમતાં અનય રંગી જગત અજવાળીયે ?

" લલિત "

૭૨

દેશભક્તીની યાચના.

(દ્રવ્ય)

ઓ ભરતભૂમિના પ્હાડો !
તમ શિર પૂગ્યાં આકાશ,
તમ જેવા જગમાં બીજા
નથી ઉન્નત કો'ની પાસ!
છે પ્રૌઢ પ્રતાપ તમારો,
તમ ભવ્યજ છે ભંડાર !
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જય જયકાર ! ૧

ઓ ભરતભૂમિની નદીયો ! !
તમ સુંદર ચિત્ર ચરિત્ર !
તમ જેવી જગમાં બીજી
નથી કોઇ પરમ પવિત્ર !
સુગભીરી, ધીરી, વીરી,
તમ પુણ્યકથા આવાર,
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જય જયકાર ! ૨

ઓ ભરતભૂમિના પુત્રો !
મુજ દેશતણા નર રત્ન
જે ગયા ધુજાવી ધરણી

કરીને કંઇ લાખ પ્રયત્ન !
તમ શૈર્ય અને તમ પ્રીતિ
ભરજો, વીરા, સહુ ઠાર !
મુજ ભરતભૂમિનો જગમાં
વરતાવો જય જયકાર ! ૩

અરદેશર ફ. અબ્બરદાર.

---

૭૪ ચાલો.

રાગ કાલીંગડો તાલ દાદરો.

જગતવંદ્ય જન નિચદણ શંશ નામિયે;
વિજય ઝલક ઝત્ર તળે સુખદ પામીંયે— ધ્રુવ૦

દુરસ્ત તમ એક પલકમાં વટાવિયે;
અરૂણનો પ્રકાશ દિવ્ય હા ! નિહાળીયે—
ખંતથી સુકુમારપણું છેક બાળીયે;
પૂર્વજનું લોહી રગરગે ઉછાળીયે—
અમર ગણો સત્ય પ્રતાપે રીઝાવીયે—
સૈન્ય મહીં ભેળી સીદ્ધ ઘેર લાવીયે—
વાયુ તેજને ઉધાર દ્રવ્ય આપીયે;
ખુબ ગણાવી વ્યાજ તન્દુરસ્તી માપીયે—
સંગીત ધ્વનિ ધીકર તજી અજંપ કાઢીયે;
સુદિન એહ લાવી દુઃખ મુળેથી વાઢીયે.

નવિન ભ્રાતૃભાવ તણો સ્વાદ ચાખીયે;
અવર દેશ ભરત પ્રણુત જોષ નાખીયે.
કંષ કરી હવે સુપુત્ર તો કહાવિયે
ઐજ ખ્યાલ માંહિં અહો નિશ નાચિયે.
આર્ય ભુમીને સુભાગીણી બનાવિયે;
વિજય વિજયથી દિગન્તને ગજાવીયે.

સુભાગ્યચંદ વીરચંદ મે દી. રાજકોટ.

---

૭૪ ભારત વિજય આશા.

(રાગ સ્રગ્ધરા)

આ જો આકાશ ઉગે
કનક કિરણથી
સૂર્ય ઝાઝો પ્રકાશે !
ત્યાં જો મે' મોતિડે એ
ઝરમર વરસે
હેલિ, થાજો ઉલ્લાસે !
ઘાજો કૈં મે' કલિનો
તિમિરકુભ ટળો
દૈત્ય દાઝો નિરાશે !
ગાજો આનંદ નાંદી,
લલિત લહરિથી,
વાધ વાજો વિલાસે !

સ્વ. હ. હ. ધ્રુવ.

૭૫ અનેરી આશા.

સ્મિત ભરી સહચરી નિરંતર કાર્ય ધુરંધર બનશે;
અંતરનાં કૈ હેત અનેરાં ઉર છલોછલ ભરશે;
ત્યારે અમી ઝમશે, શાંતિમાં દુઃખડાં શમશે ૧
સજ્જન જોડાં જાતભોગથી પંડિતમાં પરવરશે;
અડગ ધર્યને શૌર્યભર્યાં સંતાન હિંદમાં સરશે
ત્યારે દેવો અવતરશે, ભિક્ષા નરવીર તરવરશે, ૨
પોતાનાં પ્રિય દેરી જનનાં દુઃખ પરસ્પર ધરશે;
જન્મભૂમિનાં ભોળાં ભાંડુ ભેળાં દળશે ભળશે.
ત્યારે પ્રભુતા સંચરશે, સ્વર્ગસમ સુંદર હીન્દ થશે. ૩
હીન્દજનો અર્ણવ ધુમ્રવશે, ને બ્રહ્માંડ નચવશે,
ડગમગતા હુંકર ડોલવશે, રંગરાગ રેલવશે.
એવું ઐક્ય થશે, એની લલિત લીલા ખીલવશે. ૪

"લલિત"

૭૬ એક દીન એવો આવશે.

એક દીન એવો આવશે,
જ્યારે અમીઝરણો ઝરંતાં પૃથ્વિનેય પલાળશે,
એક દીન એવો આવશે ટેક.
કાળકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે,
નિજવીર્યથી ભુમિભક્તિથી આ સૃષ્ટિને ધ્રુજાવશે. એક૦

રામ અર્જુન ભીષ્મ જેવા કર્ણ સંગ પ્રતાપને,
હમિરાજ યોગીરાજ ગુર્જરરાજનેય ભુલાવશે. એક૦
શિબિરાજ ભગિરથરાજ સમ પરમાર્થ જીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદારાજને વિસરાવશે. એક૦
પરબ્રહ્મનિષ્ટ વશિષ્ઠ વિશ્વામિત્ર ઋષિના પાદને,
પ્રેમે નમી નિસ્વાર્થનેતા અર્યવર્ત ઉધ્ધારશે. એક૦
આત્મબળ પામી બચ્ચા આ પુત્ર ભારત વર્ષના,
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે. એ૮૦
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દીવ્ય પ્રકાશશે,
દૃઢ સત્યપર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે. એક૦
આ દુઃખ ને ભુખના પડે પોકાર ચારે દેશથી,
ત્યાંથીય મંગળ ગીતનાં ધ્વનિ મદ મધુરા ચાલશે, એક૦
મરૂદેશના જેવી ઉજડ ભુમિ સર્વ ભારત વર્ષની,
ફળ ફુલથી લચી સુંદરી સમ એકલી અહાં મ્હાલશે. એક૦
અહીંથી મહાવીર મ્હારથી ટંકાર કરતા શસ્ત્રના;
પરદેશમાં જઈ રાજ્યના શુધ્ધ ધર્મને શિખવાડસે. એક૦
પૂર્વે થયા ન્હોતા વળી સ્વપ્ને ન તર્કયા વીર તે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સરખે દેવનેય ઉતરશે, એક૦

ભગનભાઈ ચતુરભાઇ.
બી. એ. એલ. એલ. બી.

૭૭ વન્દે વન્દે સુમાતરમ્ હમારી રે.

(તુમસે લાગી નજરીયાં હમારીરે)

વન્દે વન્દે સુમાતરં અમારી રે
કામધેનું તું માતરં અમારી રે. વન્દે વન્દે.
વેદ ૩૫ ટીલી કંકુની તુલ ભાલ ટગમગે,
૩૫ વેદ ૩૫ કંઠ હીરાહાર ઝગમગે
ઉપાંગ અંગ કંકણો એ હાથ ખણખણે,
ષટશાસ્ત્ર સુંદર ઝાંઝરો એ ચર્ણ ઝણઝણે
ફળરૂપી રસાળ લીલી સાડી રે–વન્દે વન્દે,
ઉપનિષદ પુષ્પ વેણી શિરે માત શોભતી
મહાભાષ્ય અષ્ટાધ્યાયી કર્ણ ઓપતી,
નથ નાકમાં નિરૂક્ત અંજન નિઘંટુ વતી
સદા સરસ્વતી તણુ મુખ પાન ચાવતી,
ગીતા ગાવા વિણુા સ્મૃતિ તારીરે–વન્દે વન્દે.

(મહારાણીશંકર શર્મા).

૭૮ ભારત માતાને પ્રણામ.

દેશ, તાલ ત્રિતાલે, માત્રા ૧૬ મધ્ય લય.

વંદુ મા તહને,
સુજલા, સુફલા ભારતિ માને– વંદુ મા તહને.

રત્નાકર સ્પર્શે તવ પદને,
અશ્રુભેદિ હિમગિરિવર પવને– વંદુ મા તુજને (ટેક.)

શુભ્ર જ્યોત્સ્ના પુળકિત જામની,
કુસુમો પ્રફુલિત દ્રુમદળ શોભિની;
વદન સુહાસિત, વચન સુભાષિત,
સુખદા, વરદા, હિંદને– હું વંદુ મા તુજને. ૧

ત્રીંશકોટી પુત્રો તુજ ગરજે,
કોણ કહે મા તુજને અબલે;
બહુ બળવંતી તારકતરણી,
રિપુદળવારતી આત્મ ઉદ્ધરતી–દેવિ હિંદ તું, વંદુ મા તુજને. ૨

હૃદયે, ધર્મે, વિદ્યા, મર્મે,
સર્વ શરીરે તુજના પ્રાણો;
અતુલ તુજમારી છે મા શક્તિ,
હૃદયે અર્પો સ્વદેશ ભક્તિ–વિનવું મા તુજને, હું વંદુ. ૩

જન માનસ મંદિર તુજ મૂર્તિ,
હૃદયે નિરંતર પ્રેરક સ્ફુર્તિ;
રામ કૃષ્ણ શિવ પ્રતાપ શક્તિ
તે સમ દો અમને હે માજી–વિનવું હું તુજને, વંદુ માતુજને. ૪

મહાકાલી થઇ શસ્ત્રો ધરતી,
કમલા રૂપ હૃત્કમલ વિલસતી;
સરસ્વતી રૂપ વાચે વસતી,
અમલા, અતુલા, સુજલા, સુફલા–મા તુ હું તુજને વંદુ. ૫

જય જય જય અમ ભારતિ માતા,
સુસ્મિત, ભૂષિત, શ્યામલ, સરલા;
બ્રિટન નૃમણિ મતિ પ્રેર ઉજ્વલા,
મુકત કરે પરતંત્ર શૃંખલા, યાચું હું તુજને— વંદુ૦ ૬

ગણપતરાવ ગોપાળરાવ બર્વે,

---

૭૬ ભારતભૂમિની આરતી.

જય જય ભારત વર્ષ, જય અમ ભરત ભૂમિ (મા) ૨
ભગીરથ તુજ ઉપકારો ગ્રહીએ ચરણચુમી જયજય ભારત મા
તુજ ઉછંગ ઉમંગ સહ શુરવીર ઉછર્યા મા) ૨
દિવ્ય ભૂમિ તુજ માટે દીપક ગુપ્ત થયા જય જય૦—
હજુ રામ પ્રથ્વીરાજ પાંડવ સમ થાશે (મા) ૨
શીર સમર્પણ કરીને સુખીયા તે થાશે. જય જય૦—
ભડવીર ભાર્ત પ્રતાપ હજુ પણ જગ જાણે, (મા) ૨
તેજ ભૂમિ તું પોતે રત્નતણી ખાણે જય જય—
રસમય સુવર્ણ ભૂમિ છે તું અમજનનિ (મા) ૨
દૃઢ ભકિત તુજ પુત્રો કરશે તનમનથી જય જય૦—
તારો દિવ્ય પ્રતાપ, પાછો ઝળ હળશે (મા) ૨
દયા સમાને સત્યે કીર્તિ કોટ થશે. જય જય ભારત માત

છોટાલાલ દોલતરામ
મહેતાજી.

૮૦

જન્મભૂમિનું જયમંગળ.

જયમંગલ પ્રિય જન્મભૂમિનું ગજાવીયે:—
ભગીરથ સમ વિરલ વીર, ભારતી સુભટ સુધીર,
ઉરસમુદ્રને હિમાલયે ઉપાળીયે— જય.
જનની અંક ઝુલીયે, ઋતુની રંગ ઝોલીએ,
આત્મબળ-ઉન્નતિથી બધું ઉજાળીયે— જય.
સત્ય અર્થ સજ્જ થાએ, વિજય વાવટો ઉડાએ;
વીરધર્મથી ધરા સદા ધ્રુજાવીયે— જય.
સત્વથી સચવાય સ્વત્વ; સમજીએ થઇ પ્રવૃત્ત,
ધ્રુમીયે ઝઝુમી, જંગલો મચાવીયે— જય.
ભૂતગ્રહ ફોડી ફેંકીયે, ઉંડી જડો ઉખેડી,
દોર ને દમામ દેશનો જમાવીયે— જય.
સ્થિતિ સમય સ્વીકારીયે, પ્રવૃત્તિયજ્ઞ યોજીયે,
જાતને સ્વદેશ કાજ કાં ન હોમીયે— જય,
માતુ દીન દુભાય છે, સપુત ! પીડા પીછાનીયે,
દુઃખ દીપાવીયે, ઉમંગને વધાવીયે— જય.
દેશ સેવના સ્વધર્મ, અન્ય ન કર્તવ્યકર્મ,
આત્મ ભાવથી બધું પ્રભુમય પીછાનીયે જય.

લલિત-ત્વસ્મિલ.

૮૧ વિજય વિજય ભરત ભૂમિનો.

(સુંદર મુખ તુ દ્વિજ વપુનંદી કેશ્વરી—એ રાગ)

વિજય વિજય ભરત ભૂમિનો સદા થજો !
વિમળ સકળકળ તણું બળ અમિ વાધજો !
વિજય વિજય ભરત ભૂમિનો, સદા થજો !
શિલ્પ કલ્પ વળિ રસાયન યંત્રને કળા,
કરો ભરત ભૂમિ–કીર્તિ પરમ ઉજવળા,
થાવ સર્વ દેશહિતની કૃતિજસત્કલા ! વિજય.
રીદ્ધિ સિદ્ધિ બુદ્ધિ શુદ્ધિ શૃંખલા વિજય વિજય ! વિજય.

ન. પ્રુ. સંઘવી.

૮૨ વન્દુ મા ત્હને.

વન્દું મા ત્હને,
સુજલ, સુફલ, હિમગિરિ પવને !
ધન્ય લીલોતરી સોહિત ત્હમને !
વન્દુ મા ત્હને !
ચાંદની ચળકે, જામની પલકે,
પુલડાં ઉધડતાં દ્રુમદળ લળકે,
વદન હસિત,
વચન લસિત,

સુખદ, વરદ, મા ત્હને !
વન્દુ મા ત્હને !
સાતકોટિજન ઘનગર્જન ગાજે !
કોણ કહે મા તુજને અબલે ?
બહુ બલ ધરતી, આતમ ઉદ્ધરતી,
દુશ્મનના દળ, ભાવડી, ફેડતી,
વન્દુ મા ત્હને

તુંહિ વિદ્યા, તુહિ ધર્મ !
તુંહિ હિરદા, તુંહિ મર્મ !
પ્રાણે તુંહિ શરીરે !
ભુજએ ત્હમે મા શકિત !
હૃદયે ત્હમે મા ભકિત !
તમારીજ સ્થાપવી મૂર્તિ
હૃદયે ! મંદિરે ! મંદિરે
તુંજ દુર્ગા દશ શસ્ત્રોકર ધરતી !
તું કમળા અમ, કમળે ઠરતી !
સરસ્વતી વિદ્યાને દેતી !
નમિયે તુજને !
નમિયે નમિયે કમલે અમલે !
સુજલે સુફલે અતુલે ! મા ત્હને !
વન્દુ મા ત્હને !

જય જય જય સ્યામલ, સરલે !
ધરણી, તરણી, હસિત, ભૂષતે !
વન્દુ મા ત્હને !

ન. હ. ધ્રુવ.

८२

वन्दे मातरम् ॥

वन्देमातरम्.


सुजलां, सुफलां, मलयजशीतलां,
शस्यस्यामलां, मातरं,
शुभ्रज्योत्स्नां पुलकितयामिनीं,
फुल्लकुसुमितद्रुमदलशाभिना,
सुहासिनीं, सुमधूरभाषिणीं,
सुखदां बरदां, मातरं ॥

सप्तकोटिकंठकलकलीननादकराले,
द्विसप्तकोटिभुजेर्धृतसर करवाले,
के वले मा तुमि अबले, ?
बहुबलधारिणीं नमामि तारिणीं,

रिपुदलवारिणीं, मातरं ॥
तुमि विद्या, तुमि धर्म,
तुमि हृदि, तुमि मर्म,
त्वं हि प्राणाः शरि रे ॥
बाहुते तुमि मा शक्ति,
हृदये तुमि मा भक्ति,
तोमारइ प्रतिमा गडि मान्दिरे मान्दिरे ॥
त्वं हि दुर्गा दशप्रहरनधारिनी,
कमला कमलदलाविहारना,
बानी विद्या दाईनी नमामि त्वम्
नमामि कमलां, अमलां अतुलां,
सुजलां, सुफलां, मातरम् ॥
वन्दे मातरम् ॥
श्यामलां, सरलां, सुस्मितां, भूषितां,
धरणीं, भरणीं, मातरम् ॥

(स्व. बंकिमचन्द्र चट्टोपाध्याय.)

દીલ્લીવાળા લાલા બીશનદયાળ ધરમદાસનો



શુદ્ધ સાચા મોતીનો સુરમો.

આંજવાથી આંખની બળતર, કળતર, ઝાંખ. છારી, છાયા, પડળ, શરૂવાતનું ફુલ. શરૂવાતનો મોતીઓ પાણીનું ઝરવું, વલુર, ચીપડા ધુમાડા જેવું દેખાવું, વસ્તુને આકાર રંગ ફેરફાર દેખાવો, આંખની ગરમીથી માંથામાં દુખાવો તથા આંખનું નબળું પડી જવું વીગેરે દરદોને તાકીદથી દુર કરી આંખને અજબ રોશની આપે છે.

નં ૧ લ્યા ૩નો. કાળો સુરમો. તો. ૦ા ની સીશીનો રૂ ૦ા તો. ૦ા ની સીશીનો રૂ ૧).

નં. ૨ને કાળો સુરમો તો. ૦ા ની સીશીનો રૂ ૦ા તો. ૦ા ની શીશીનો રૂ ૧).

નં ૪ નો પીળો સુરમો તો. ૦ા ની શીશીનો રૂ ૦ા તો. ૦ા ની સીશીનો રૂ ૧).

નં. ૫ નો ધોળો સુરમો શીશી ૧ ની કીમત રૂ ૦ા

નં. ૬ નો લાલ સુરમો શીશી ૧ ની કીમત રૂ ૦ાા

☞આંજવાની સળી શીશી સાથે આપવામાં આવશે. વધારાની દરેક સળીને માટે ૦—૧—૦ કીમત પડશે.

વધુ વીગત માટે અડધા આનાની ટીકીટ મોકલી અમારૂં મોટું પ્રાઇસ લીસ્ટ મંગાવો.

બનાવનાર તથા વેચનાર.

દીલ્લીવાળા લાલા બીશનદયાળ ધરમદાસ અતરવાળા.

નં. ૩૫૫૩ અમદાવાદ—

ધી બોમ્બે બ્રશ મેન્યુફેકચરીંગ કું. લીમીટેડ.

એજન્ટસ શાહ. બ્રધર્સ અને કું. લીમીટેડ નં. ૪.

એપોલોસ્ટ્રીટ કોટ મુંબઇ.

હિન્દુસ્તાનમાં સ્વદેશી બ્રશ બનાવનારી દેશી કારીગરો તથા સ્વદેશી વહીવટથી ચાલતી આ એકજ કંપની છે. મીલોમાં વપરાતાં સ્ટીમરોને ઉપયોગી રેલ્વે તેમજ લશ્કરના કામનાં તથા બુટ, કોટ, તથા વાળ હોળવાના દાંત સાફ કરવાના સફાઇદાર અને વિદેશી માલની જોડે હરીફાઇમાં કોઇ પણ રીતે તે માલથી ઉતરે નહીં એવાં બ્રશો હમ્મેશાં મ્હોટા જથ્થામાં તૈયાર થાય છે વધુ વિગત તથા નમુના મંગાવો.

ચીફ એજન્ટસ.

દેસાઇ દેસાઇ અને કું.

અમદાવાદ.

THE BOMBAY BRUSH MANUFACTURING CO. LIMITED.

Agents. Shah Brothers & Co.

Appolo Street Fort—**BOMBAY.**

Swadeshi Brushes are prepared on a very large scale for navils armies, Railway Companies, Mills and household purposes. In quality they are superior even to the Foreign manufactured.

Chief Agents ***Desai Desai & Co.***

AHMEDABAD.

માત્ર રૂપિઆ દોઢમાં.

સોંઘામાં સોંઘુ અને ૨૪ પાનાનું.

અમદાવાદમાં સૌથી બહોળો ફેલાવો પામેલું સાત વર્ષથી પ્ર. કટ થતું સંસારિક, રાજદ્વારી, ધાર્મિક અને હુન્નર કળાદિ વિષયો ચર્ચાવતું ગત પમાડનારૂ, દેશ વિદેશની ખબરોના ભંડોળ રૂપ અને એક ચાલુ વાર્તા આપનારૂં શુદ્ધ એંગ્લો ગુજરાતી અઠવાડીકપત્ર.

ગુજરાતી પંચ.

અને ૨૫૦–૨૫૦ પાનાના બે દળદાર પુસ્તકો ૧૯૦૮ ની બે ભેટો પૈકી પહેલી ભેટ **ઉષાકાન્ત**—એક રસિક નવલકથા, હિંદના ગરીબ વર્ગનું હૃદય દ્રાવક ચિત્ર, હિંદુ સંસારનું બોધદાયક નિદ પણ, ગાંડાઓની સ્થિતિ એક સાયન્ટીસ્ટનું જીવન કેળવાયેલાં સ્ત્રી પુરૂષો જન સમાજની સેવા કેવી રીતે બજાવી શકે તેનું યથાર્થ વર્ણન વગેરે વગેરે.

જાહેર ખબર.

પરદેશ તેમજ અમદાવાદના રહેનારાઓને પ્રેસમાં છપાવાની, પ્રુફ જોવાની, વગેરેની માથાકુટ કરવાની ગમતી નથી અથવા તેમ કરવાનો અનુભવ અને અવકાશ ન હોવાથી વિચારમાં પડવાનો વખત આવે છે. આટલાજ માટે ઈંગ્રેજી, સંસ્કૃત વિગેરેનું ભાષાન્તર કરી આપવા, તેમજ ઈંગ્રેજી, ગુજરાતી પુસ્તકો, માસિકો, હેન્ડબીલો વગેરે સસ્તા દરેથી છપાવી–યોગ્ય કમીશન લઇ તૈયાર કરી મોકલી આપીએ છીએ. વિશેષ માહિતી માટે નીચને શરનામે લખવું.

ભોગીન્દ્રરાવ રતનલાલ દ્વીવેદીઆ, બી. એ.

રાયપુર—અમદાવાદ.

THE UNITED SINDH SPINNING & WEAVING MILLS LTD,

(Registered under the Indian Co.'s Act VI of 1882.)

Capital Rs. 160,0000. Divided into 32,000 shares of Rs. 50 each.

It is proposed to call the amount of each share as under :—

Rs. 10 with application.

Rs. 10 on allotment.

Rs. 30 Balance to be paid in three different calls of Rs. 10 each at an interval of one month.

Bombay Board of Directors.

Sheth Bellary Raghawayya Mastu, B. A., LL B. (Messrs. Raghawayya Bhimji & Nagindas Solicitors).

Sheth Rahimbhai Joosub (Director, all India Insurance Co. Ltd. and Bombay Brush Manufacturing Co. Ltd.)

Sheth Manekji Mancherji Bottlewalla (Machinery Agent).

Sheth Vashunji Devji (Cotton Merchant).

Sheth Keshavlal H. Shah (Agent Bombay Brush Manufacturing Co. Ltd and Director Universal Works Ltd.)

Mr. Moreshwar Janardhan (Ex-Officio Bombay).

Diwan Jhamanadass Udharam (Ex-Officio, Sindh.)

Sindh Board of Directors.

Mukhi Kevalram Naraindas (Merchant and Zamindar, Hyderabad.)

Diwan Hasrassing Deomal (Pleader and Zamindar, Hyderabad).

Sheth Kissumal Tirathdas (Merchant, Tandojan).

Sheth Haridas Asanand (Merchant, Karachi.)

Diwan Khushiram Khatanmal, B. A., LL. B. (Pleader, Hyderabad.)

Dr. Pritamdass H. Advani, L. M. & S. Assistant Surgeon (Ex-Officio, Hyderabad.)

Bankers.

The Indian Specie Bank Ltd., Bombay and Karachi.

Solicitors.

Messrs. Raghawayya Bhimji and Nagindass, Bombay. { Messrs. Khushiram & Dharamdas, Hyderabad, Sindh.

Secretaries, Treasurers and Agents.

Pathare and Co.

Registered Office of the Company.

4 Apollo Street, Fort Bombay.

Karachi Office, Bunder Road.

Hyderabad Office, Pohoomal Khianee's Buildings.

Ahmedabad, P. V. Desai, Panch Koova Gate.

THE UNITED SINDH SPINNING & WEAVING MILLS, LTD.

PROSPECTUS.

It will be admitted by all that the city of Karachi alone stands in need of the industries, and the fact has been confirmed by the Honourable Mr. M. de P. Webb,

C. I. E., in his speech delivered at the Chamber of Commerce and published in the Karachi Directory of 1907 as under :—

"What is now required to give Karachi a fresh impetus in a new direction, is the creation of local industries, such as Spinning and Weaving Mills, or the wholesale manufacture of products in large demand in or out of India. Opportunities and facilities of all kinds are ready at hand for the enterprising capitalist. Who will make the first venture? That is the matter in which the people of Karachi are feeling considerable interest."

It has been proposed and it is just the time to erect a Spinning and Weaving Mill at Karachi or on a suitable site of the river Indus, at Kotri or Gidu-Bunder where there is ample supply of water.

It is hoped that the public would undoubtedly appreciate the scheme of the promoters and would take keen interest in promoting their proposal with all their zeal and energy.

Taking into consideration the undernoted facts :

1st. That Karachi including the whole Province of Sindh and other markets, have continued an enormous demand of cotton cloth and yarn, which at present is imported from Bombay, and other places.

2nd. That the Province of Sindh is also noted for

its production of well-known Egyptian cotton, hence the Mill will be able to produce yarn and cloth of superior quality, and in accordance with the requirements.

3rd. That, the supply of raw material being always available at hand, there will be a considerable reduction in the prices on account of freights (to and fro) and other extra charges which the other ports incur.

There is therefore every probability of securing large profits by starting the proposed Mill and the Investment is bound to prove a financial success.

The Mill will be thoroughly up to-date in design and construction and will be fitted with the best and latest improved machinery, and orders for which have already been sent.

It is proposed to start with 25,000 spindles and 400 looms.

A large number of shares have already been taken up.

The management of the Mill will be under strict supervision and orders of the Board of Directors.

Arrangements for artisans and skilled labourers have already been made and this Company has resolved to open on Mill premises a (Technical) School for training the Mill Art and Agents have agreed to defray its expenses out of the commission they receive, and this enterprise, it is hoped, will be highly appreciated by the public.

Forms of application for shares and further information can be obtained from Bombay or Karachi Offices.

Copies of Memorandum and Articles of Association shall be open for inspection to the shareholders at the Company's offices at Bombay and Karachi.

અનુક્રમણિકા.

સ્વદેશ ધર્મ— વિવેકાનંદ —સુવર્ણચંદ. " An In-Creedof Nationality. " એ વિષય ઉપર લાલા લાજપત-નારાયણ. (એમ. એ—એમણે લખેલા અંગ્રેજી લેખનું ગુજરાતી ભાષાન્તર-કરનાર પ્રો. આનંદકર બાપુભાઈ ધ્રુવ. એમ. એ. એલ એલ. બી.

કાવ્ય નં.

સ્વ. કવિ. પ્રેમાનંદનું

---

૪ ગુર્જરી ભૂમિ

સ્વ કવિ નર્મદાશંકર

---

૧ જય જય ગરવી ગુજરાત
૫ કોની કોની છે ગુજરાત
૭ આપણે ગુજરાતી
૩૬ સ્વતંત્રતા ખરી હિમ્મત
૩૯ હાર તુ ફરી જોખનીયું આપે

સ્વ કવિ નવલરામ

---

૧૪ મારી ભરત ભુમી–સ્વદેશ સ્તોત્ર

સ્વ કવી દલપતરામ લાધાભાઇ

૨૪ દેશી મીત્રો દુઃખ સર્વ ટાળોરે
આપણા દેશનું

સ્વ કવિ બુલાખીરા ચકુભાઇ
૨૫ વીદેશી મલથી થતી ખરાબી
રા રા મલબારી

---

૯ ગુજરાતનુ ભાવી ગૌરવ

સ્વ હરિલાલ હર્ષદરાય ધ્રુવ

---

૧૯ અમારી ભુમિનુ અભીમાન
૨૩ ભરત પપૈયા
૩૨ સ્મશાન મુલ્કે માશુક
૩૩ સ્વરાજ્ય રણગીત
૩૪ ધરૂ કફની
૩૮ નિદ્રા નાશ

૪૯ સીતા સ્વતંત્રતા હરણ
૪૧ ભરત—ભુનિ આશ્વાસન
૪૪ ભરત—વીર–જાગૃતિ
૪૫ બહુતો સોહુ કેસરીયાં
૪૭ ભરત વત્સલ વીરનાં કેસરીયાં
૪૮ આર્ય પ્રજા પ્રબોધન
૫૦ શૂરા સામટ હો
૫૬ સ્વદેશ ભાક્ત
૬૦ સ્વદેશ પ્રેમની પરાકાષ્ઠા
૪૦ ભારત વિજય આશા

રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

---

૧૩ શું તેજ ભરત ભુમિ આએ

સ્વ ભીમરાવ ભાણાનાથ

---

૬ લાવણ્ય મયી
૩૭ તન હિન્દ ભુમિ

પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર

---

૧૨ માજીનું સ્તોત્ર

રા. રા. સત્યેન્દ્રરાવ ભીમરાવ

---

૩ મ્હારી ગરવી એ ગુજરાત

રા. રા. કૃષ્ણદાસ નરસીહદાસ

૬૬ ભરતખંડનું યશોગાન

નગીનદાસ પુરૂષાતમદાસ સંઘવી

---

૬૪ પ્રેમોન્મત
૬૭ પુરાતન આર્ય બાળકનું હાલરડું
૮૦ વિજય વીજય ભરત ભુમીનો

પ્રેમભક્તિ (રા. ન્હાનાલાલ દ. કવી)

---

૫૨ વીરની વીદાય
૫૫ સાચના સીપાઇ
૫૭ સ્વદેશ દાઝ

બન્ધુ સમાજ

---

૩૨ સ્વદેશ વિણા સુનંદન
૪૩ હીન્દનો ઉગતો સૂર્ય સુબન્ધુ–
૬૮ ભારતી સ્ત્રી ગીત સુમન્ત—

વસન્ત વીનોદી—
(ચંદુલાલ મણીલાલ દેશાઇ)

---

૧૮ જય ! હીન્દ બાલ આપણુ હો!
૨૧ અમ્હે ભરત ભુમીના બાલ
૪૬ વીર જાગો જાગોરે
૬૩ ધન્ય જવ્યું જગમાંહ્ય
૬૫ જનની સેવન
૬૯ ગુર્જરી સ્તવન

અરદેશર ફરામજી બબરદાર

૨ ગુણવંતી ગુજરાત
ચા દેશ
ાંક ભારત
હીન્દ
દવાસી સર્વ સન્યાસી
ન્દનું ઉગતું પ્રભાત
શ ભકતીની યાચના

જ. દલ. ત્રીપાઠી

૮ નમુ માતૃ ભુમી ગુજરાત

સીહનાવ હર્ષદરાય ધ્રુ.

રાષ્ટ્ર–સંગીત
ડને

૨૨ દેશ બાળકોનાં દેશગીત
૫૩ કુચકદમ
૫૪ વસુંધરાના વીર
૭૧ અમે કોણ
૭૫ અનેરી આશા
૭૯ જન્મ ભુમીનું જય મંગળ

મગનભાઇ ચતુરભાઇ
બી. એ. એલ. એલ. બી.

૭૬ એક દીન એવો આવશે

જીવાભાઇ અમીચંદ પટેલ

૬૨ માડીની ઝુંપડી

રા રા નાગેશ્વર જેષ્ટારામ

૪૨ હીન્દનો ઉષઃકાલ

હાથાભાઇ બાળકૃષ્ણ બી. એ.

૬૧ સ્વદેશ કર્તવ્ય

રા રા કૃપાશંકર ઝીણાભાઇ

૫૯ તેજ સ્વદેશાભીમાની

કૃપાશંકર મૈચરલાલ પંડીત.

૪૯ ઓ વીર વીરતા ધર વિ.

શેલત.

૨૯ હિન્દ વાણી

ક્ષોટાલાલ દલસુખરામ

૨૭ સ્વદેશ પ્રેમ
૬૯ ભારત માતની આરતી

સ્વ. કાલીપ્રસન્ન કાવ્ય બીશારદ

૨૬ ભૈયા દેશકા એ કયા હાલ

રસીક

૫૧ વીર હાક

મહારાણીશંકર શર્મા

૫૮ જીવે શું હિન્દમાં એવા
૭૭ વન્દે વન્દે શુ માતરંમ હમારીરે

લેખકના નામ વગરનાં

૧૦ જય ભરત ભુમિ અમ માત
૧૫ પંજાબનું રાષ્ટ્રીય ગીત
૧૬ ભારત ખુમ્તિનું જય કીર્તન

શોભાગ્યચંદ વીરચંદ ઝોકવા)

૭૩ ચાલો

બળવંતરાય ગોપાલ
સંગિતશાસ્ત્રી.

૭૮ ભારત માતને પ્રણામ

સ્વ. બંકીમચંદ્ર.

૮૩ વન્દે માતરંમ

હિન્દ માતાની તસબીર.

પ્રવિણ ચિત્રકારને હાથેથી ચેતરાઇ પ્રખ્યાત રાજા રવિવર્મા પ્રેસમાંથી છપાઇ બહાર પડી છે. જેની અંદર હિંદુસ્થાનના રેખા આલેખી તેમાંથી આખેહુબ હિંદ માનું સ્વરૂપ ઉતારવામાં આવ્યું છે જોવાથી એનો અલૌકિક ભાવ ઉપજે છે

કદ ૧૪+૨૦ કિં. બાર આના. મળવાનું ઠેકાણું ૪)

રીચીરોડ, વિલ્હરના સાંચાની દુકાને